# કમલમ્

## સહકાર વિશેષાંક



# “સહકાર થી સમૃદ્ધિ”

## સંકલ્પ સાકાર કરવા
## અમે  પ્રતિબદ્ધ છીએ
## દિલીપ સંઘાણી

# ફોટો ગેલેરી















GUJGU/2011/40645

# કમલમ્

- તંત્રી.: મહેશ એન. પટેલ
- સહતંત્રી.: નેહા ચૌહાણ

-: પત્ર વ્યવહારનું સરનામું :-

એ-૩,પ્લોટ નં.આર-૧૩,તનિષ્ક કોમ્પ્લેક્સ,
ન્યુ ગ્રીનસિટી,સેક્ટર-૨૬ ગાંધીનગર :૩૮૨૦૨૮
મો.નં. ૯૮૨૪૯૧૦૬૦૬

છૂટક કિંમત રૂ.- ૧૫/-

www.kamalamgujarat.com
kamalamgujarat@gmail.com

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel.
•Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028
•Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar -382028 (Gujarat)

**વૈધાનિક સૂચના :** "કમલમ્" માં પ્રકાશિત થતી સામગ્રીમાં લેખકોના પોતાના વિચારો છે. સંપાદક તથા પ્રકાશનને એ સાથે સહમત હોય તે જરૂરી નથી. "કમલમ્" સમાચારના સંબંધિત બધા જ વાદવિવાદ પ્રકાશન તારીખથી ત્રણ માસની અંદર માત્ર ગાંધીનગર ન્યાયક્ષેત્રમાં થઈ શકશે.

-"કમલમ્"

## તંત્રી સ્થાનેથી......

International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે જ્યાં મોટાભાગની વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે. તેના આર્થિક અને સામાજિક માળખામાં સહકારનો ખ્યાલ હંમેશા મહત્વપૂર્ણ રહ્યો છે. સહકાર માત્ર એક આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ તે સામાજિક એકતા, સામૂહિક વિકાસ અને આત્મનિર્ભરતાનો પાયો છે. સમગ્ર દેશમાં ગુજરાતનું સહકારી માળખું કેન્દ્રમાં રહ્યું છે. રાજ્યની સહકારી પ્રવૃતિઓ જન સામાન્ય સુધી પહોંચે તે માટે અમે "સહકાર વિશેષાંક" નું પ્રકાશન કરવાનું આયોજન કર્યું. દેશમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી નાં નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલયની સ્થાપના, કેન્દ્રના સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નાં વડપણ તળે મંત્રાયલના ચાર વર્ષમાં થયેલ સહકારી પ્રવૃતિ, વડાપ્રધાનશ્રીના "સહકાર થી સમૃદ્ધિ" સંકલ્પ, સહકારી પ્રશિક્ષણ અને નવી સ્થાપાયેલ ત્રિભુવન સહકાર વિશ્વવિદ્યાલય, આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫, દેશ વિદેશના પ્રવાસો, પોતાના મૂળ ગામ માળીલા થી શરૂ કરેલ આજે અંતરરાષ્ટ્રીય સ્તર સુધી પ્રવૃત થયેલ શ્રી દિલીપ સંઘાણીની સહકારી કામગીરીના અનુભવોના સંકલનના આધારેની સહકારી પ્રવૃત્તિ, તદુપરાંત તેમના નેતૃત્વ તળે કાર્યરત ગુજરાત ની વિવિધ સહકારી સંસ્થાની સફળતાની ગાથાઓ, ઉદાહરણ રૂપ કહી શકાય તેવી વાત એટલે સહકારી સંસ્થાના સહકાર થી સ્થપાયેલ "અમર ડેરી" ની સ્થાપના સહિતની વિગતે માહિતી આપસૌ વાચકો સુધી પહોંચાડવાનો એક અમારો વિનમ્ર પ્રયાસ એટલે કમલમ્ દ્વારા પ્રકાશિત "સહકાર વિશેષાંક"

કમલમ્,(અખબાર/મેગેઝીન) માત્ર ગાંધીનગરથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અન્ય કોઈ જિલ્લામાંથી પ્રસિદ્ધ કરવામાં આવતું નથી જેની સર્વે વાચકોએ નોંધ લેવી. વધુ માહિતી માટે અમારો સંપર્ક કરવો.(મહેશ એન. પટેલ-તંત્રી-મો.૯૮૨૪૯ ૧૦૬૦૬)



## ગુજરાતની કૃષિ પ્રવૃતિના વિકાસથી પ્રભાવીત નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ અને ગ્રામવિકાસ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ-દિલીપ સંઘાણીની શુભેચ્છા મુલાકાત

### કૃષિ પ્રવૃતિના વિકાસની એક નવી ક્ષિતીજે આંબવાનો સંકલ્પ

ભારતનુ કૃષિ ક્ષેત્ર રોજગારીની તકોના સર્જન સાથે વિકાસમા પણ એટલુ જ પાવરધુ પુરવાર થયેલ છે અને તેથી આ ક્ષેત્રનુ મૂળ એવા ગુજરાતના વિકાસ થી સૌ કોઈ પ્રભાવિત છે.નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ ની શુભેચ્છા મૂલાકાતે પહોંચેલા એનસીયુઆઈ, ઈફ્કો અને ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી સાથેની મૂલાકાતમા ચૌહાણે જણાવેલ હતું. મુલાકાત દરમિયાન શ્રી સંઘાણીએ ગુજરાતમાં કૃષિ સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃતિઓ અને કો. ઓપરેટિવ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં લેવાતા પગલા, ખાતર-બિજ ના વિતરણ તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડુત લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી. શ્રી શિવરાજસિંહ ચૌહાણે શ્રી સંઘાણીને ભારતના કૃષિ ક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળ ના મજબુતી કરણ માટે અપાતા યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને ભાવિ યોજનાઓ માટે સહયોગ આપવાની ખાતરી આપી હતી.




# દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ

## ભારતીય પરંપરાગત રીતે મહેમાનોને આવકારતા - સ્વાગત કરતા દિલીપ સંઘાણી




### સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ-૨૦૨૫ ને "આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ" તરીકે ઘોષિત

**૨૦૦ વકતાઓ અને ૨૫ સત્રો. કૃષિ, આર્થીક, શુગર મીલો, નેનો યુરીયા ડીએપી પ્રવાહી ખાતર, ગ્રામીણ સહકારી બેંકો, પ્રાથમીક ખેતીવાડી સોસાયટી, ડેટા બેઈઝ, મોડલ બાયલોઝ, ઈ–સેવા, સામાજીક સમરસતા ટકાઉ વિકાસ ઉતેજન ઉપર સંવાદ**



**સહકાર મંત્રી અમીત શાહ, ભુતાનના પ્રધાનમંત્રી શેરીંગ ટોબગે, ફીજીના નાયબ પ્રધાન મંત્રી માનો કામીકામીકા સહિત ૧૦૦ દેશના 3000 મહાનુભાવોની ઉપસ્થિતી**

સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ –૨૦૨૫ ને ''રાષ્ટ્રિય–આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ '' તરીકે ઘોષિત કરવામા આવેલ તે અંતર્ગત ભારત મંડપમ્ –ન્યુ દિલ્હી ખાતે દેશના જનપ્રિય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામા આવેલ. પાંચ દિવસ ચાલનાર ગ્લોબલ કોન્ફરન્સમા ગૃહ–સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો શેરીંગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગલાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડો.ચંદ્રપાલસિંહ, નાફસ્કોબના અધ્યક્ષ






# સુંદર આયોજન—વ્યવસ્થા બદલ ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની સરાહના

રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાંથી પધારેલ સહકારી આગેવાનો ઉપસ્થિત રહયા. ગ્લોબ્લ કોન્ફરન્સને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવેલ કે, અમુલ ભારતનું ગ્લોબલ ટોપ બ્રાન્ડ , સરદાર પટેલ એ કિસાનોને એક કર્યા સહકાર અને સરકાર થી દેશ સમૃધ્ધિ તરફ જઈ રહયો છે દુનિયાની સહકારી સંસ્થાઓમા દર ચોથી ભારતમાં પેટ્રોલ-ડીઝલ, સોલાર, પાણી વિગેરેમા સહકારી સંસ્થાઓ સામેલ છે. વિકાસ સાથે સહકારી ક્ષેત્રે પણ હરણફાળ ભરી છે ભારતના યજમાન પદે નવી દિલ્હી ખાતે ૨૫ થી ૨૯ નવેમ્બર-૨૦૨૪ સુધી યોજાયેલ ઈન્ટરનેશનલ ગ્લોબલ કોન્ફરન્સ અનેક વિકાસની કેડી કંડારી સહકાર દ્વારા વિવિધ ક્ષેત્રોએ વિકાસ અને રોજગારીની નવી આશાઓને મૂર્તિમંત કરવા જરૂરી પ્રયાસો આગળ ધપાવવા અનેક વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ સહકાર તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મૂકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે ભારતની ભવ્ય ભૂમિકા તરફ મીટ છે રાષ્ટ્ર—દેશોના વિકાસમા સહકારના મૂળ ને મજબૂત દેશના આઈસીએ વૈશ્વિક સહકારી પરિષદ અને આઈસીએ જનરલ એસેમ્બલીનું આયોજન આંતરરાષ્ટ્રીય સહકારી જોડાણ લગભગ ૧૩૦ વર્ષના લાંબા ઈતિહાસમાં પ્રથમ વખત ભારતમાં કરવામાં આવી રહયુ છે, જે વૈશ્વિક સહકારી ચળવળ નું અગ્રિમ નેતૃત્વ કરે છે. ભારત સરકાર અને ભારતીય સહકારી સંસ્થાઓ ઈફકો, ક્રિભકો અને અમુલ દ્વારા આ વૈશ્વિક પરિષદ સહકારી ક્ષેત્રના વિકાસની નવી દિશા ખોલનાર બની રહયુ. આ કાર્યક્રમનો મુળભુત ઉદ્દેશ સહકાર થી સમૃધ્ધી ઉપર કામ કરશે. આ કાર્યક્રમ દેશ વિદેશની સહકારી પ્રવૃતિને સંગઠીત અને હાંસલ કરવામાં વિશ્વભરમાં સહકારી મંડળીઓ દ્વારા પેનલ સત્રો, કાર્યશાળાઓ, સ્થાયી આર્થિક વૃધ્ધિક્ષેત્રમાં બદલાવ લાવવાનું કામ કરશે. કાર્યક્રમ માં પ્રધાનમંત્રી એક સ્મારક પોસ્ટલ સ્ટેમ્પ પણ લોન્ચ કરેલ જે સહકારી આંદોલન પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાનું પ્રતિક બની રહયુ. આ સ્ટેમ્પમાં કમળનું પ્રદર્શન કરવામાં આવ્યુ છે જેના માધ્યમથી આ પ્રવૃતિમાં શાંતી, તાકાત અને વૃધ્ધીની અનુભૂતિ થશે. આ કો.ઓપરેટીવ કોન્ફરન્સ કૃષિ, ડેરી, મત્સયઉદ્યોગ, ગ્રાહક સહકારી મંડળીઓ, સુગર મીલો, ગ્રામીણ સહકારી બેંકો, ટેકનોલોજી, પ્રવાહી રાસાયણીક ખાતરો, પ્રાથમિક ખેતિવાડી સોસાયટી, ડેટાબેજ, મોડલ બાયલોઝ, ઈ—સેવા, સામાજીક સમતા અને વિકાસ ને ઉતેજન આપવા ઉપર સંવાદ થયો. ૨૦૨૫ ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ જાહેર કરવા સાથે આયોજીત આ ગ્લોબલ કોન્ફરન્સ ને યાદગાર બનાવતી પોસ્ટલ ટીકીટ ને પ્રધાનમંત્રીએ બહાર પાડીને ભારતની ઉમદા સહકારીતાનો સહયોગ દર્શાવેલ છે સાથોસાથ યુવાનો અને મહિલાઓ સહકારીતાઓમાં અગ્રીમ ભૂમીકા ભજવે તે ઉપર ભાર મુકવામાં આવેલ હતો. સહકારી ક્ષેત્ર પેટ્રોલ, ડીઝલ, સોલાર અને જળ ક્ષેત્રની કામગીરીમાં પણ યોગદાન આપી રહેલ છે જે પ્રશંસનીય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ, અમેરિકા ખાતે જુલાઈ ૨૦૨૪ માં યોજાયેલ ICA બેઠકમાં શ્રી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહ્યા, તેમણે ઈફકોના યજમાન પદે ભારતમાં નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ નાં લોન્ચિંગ કાર્યક્રમ યોજાવાનું નિમંત્રણ આપેલ. જે ICA બોર્ડ દ્વારા મંજુર કરેલ અને શ્રી સંઘાણી એ સફળ અને સુચારૂ આયોજન કરી દેશના સહકારી અંદોલન માં એક સફળતાનું નવું મોરપંખ ઉમેર્યુ.

# સહકારિતા મંત્રાલયની ગૌરવસભર ચાર વર્ષીય યાત્રા : દિલીપ સાંઘાણી



**સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે પેક્સ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકવામાં આવી છે.**

**સહકારિતામાં તાલીમપ્રાપ્ત કુશળ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રથમ "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી"ની સ્થાપના કરવામાં આવી છે**

**મંત્રાલયે ચાર વર્ષમાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે, જેનો લાભ દેશભરની સહકારી સંસ્થાઓને મળી રહ્યો છે.**

**સહકારી સંસ્થાઓનું ડેટાબેસ તૈયાર કરવામાં કેન્દ્રીય મંત્રી શ્રી શાહના નેતૃત્વ હેઠળ મંત્રાલયે અવિરત પ્રયાસો કર્યા છે.**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ આપેલા “સહકારથી સમૃદ્ધિ”સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કોઈ કસર નથી છોડી. નવા સહકારિતા મંત્રાલયની સ્થાપના બાદ ચાર વર્ષોમાં સહકાર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ જોવા મળી છે. શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં જ્યાં સહકારિતાની ખામીઓ ઓળખી અને તેમને દૂર કરવાની દિશામાં ઝડપથી પગલાં લેવાયા, ત્યાં બીજી તરફ સહકારિતાને નવી દિશા આપવા માટે નોંધપાત્ર સુધારાઓ કરવામાં આવ્યા. જે "સહકારિતાની બીજી ક્રાંતિ" કહી શકાય એમાં અતિશયોક્તિ નહીં કહેવાય. આ સમયગાળામાં સહકારિતામાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સહકારી સંસ્થાઓનું ડેટાબેસ તૈયાર કરવામાં કેન્દ્રીય મંત્રી શ્રી શાહના નેતૃત્વ હેઠળ મંત્રાલયે અવિરત પ્રયાસો કર્યા છે. મોડેલ ઉપનિયમોથી પેક્સથી લઈને એપેક્સ સુધીમાં સુધારાઓ જોવા મળ્યા છે. દેશમાં સહકારિતાને દરેક ગામ સુધી પહોંચાડવા માટે કુલ બે લાખ વધારાના પેક્સની રચના કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે, જેમાં ખેતી, ડેરી, માછીમારી અને મીઠા પેક્સનો સમાવેશ થાય છે. સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે પેક્સ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકવામાં આવી છે. સહકારિતાના પુનરોજ્જીવનની કામગીરીમાં શ્રી શાહે રાજ્યોને સાથે રાખી આગળ વધ્યા છે. જૂના સહકારી કાયદાઓમાં યોગ્ય સુધારાઓ કરીને નવી જોગવાઈ ઓ કરવામાં આવી છે. સહકારિતામાં કાનૂની સુધારાના ભાગરૂપે મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ એક્ટમાં જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે. સહકારિતામાં ચૂંટણી માટે અલગથી "મધ્યવર્તી સહકારી ચૂંટણી અધિકરણ" ની સ્થાપના કરવામાં આવી છે. પેક્સને સશક્ત બનાવવા માટે વેપાર પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યા છે, જેમાં વિવિધ મંત્રાલયોની યોજનાઓનો સમાવેશ થયો છે. સહકારિતામાં યુવાનોને જોડવા માટે અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી છે. સહકારિતામાં તાલીમપ્રાપ્ત કુશળ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રથમ "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી" ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં આ સત્રથી શિક્ષણ કાર્ય શરૂ થવા જઈ રહ્યું છે. આ યુનિવર્સિટી સહકારી વહીવટ, નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા, ડિજીટલ મેનેજમેન્ટ અને નીતિ નિર્માણ જેવા ક્ષેત્રોમાં વિશિષ્ટ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને સહકારી કર્મચારીઓને તાલીમ આપશે. આ યુનિવર્સિટી દ્વારા સહકારી બેંક, માર્કેટિંગ સંઘ, રહેઠાણ સમિતિઓ, કૃષિ સેવા સમિતિઓ અને અન્ય ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધનોની જરૂરિયાત પૂર્ણ થશે. સરકારી ખાંડ મિલોની સમસ્યાઓનો ઉકેલ લાવતી વખતે કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી શાહે તેમને ખાનગી અને જાહેર ખાંડ મિલો સાથે સમાન તકો આપી છે. તેમની ઈક્મ ટેક્સ નીતિને યુક્તિસંગત બનાવી દેવામાં આવી છે અને આર્થિક પડકારો દૂર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સ્તરે ત્રણ નવી સહકારી સંસ્થાઓ – બીજ, નિકાસ અને ઓર્ગેનિક્સ – ની રચના કરવામાં



આવી છે, જે ખેડૂતોની આવક વધારવામાં મદદરૂપ થઈ છે. દેશની અન્ન સલામતીને ધ્યાનમાં રાખી સહકાર ક્ષેત્રે વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ગ્રામ પંચાયત સ્તરે ગોડાઉન બનાવવાની યોજના પર કામ શરૂ થયું છે. પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પ્રથમ તબક્કાનો આરંભ કરવામાં આવ્યો છે. ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે સહકારિતા મંત્રાલયે નોંધપાત્ર પહેલ કરી છે. હવે સહકારી સંસ્થાઓને ખેડૂતોના ઉત્પાદનને **MSP** ભાવે ખરીદવાની જવાબદારી સોંપવામાં આવી છે. નાફેડ અને એનસીસીએફ જેવી સંસ્થાઓ દાળ અને તેલબિયાંને એમએસપી પર ખરીદી રહી છે. સરકારી પહેલથી સહકારી બેંકોને હવે જાહેર અને ખાનગી બેંકો જેવી સગવડો મળવા લાગી છે. નવી શાખાઓ ખોલવાની મંજૂરી તેમજ વ્યવસાય

વિસ્તરણની છૂટછાટ આપવામાં આવી છે. NCDC ના લોન વિતરણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં તેનું લક્ષ્ય લગભગ પોણા બે લાખ કરોડ રૂપિયા છે. જેના પરિણામે સહકારી સંસ્થાઓ આર્થિક રીતે વધુ મજબૂત બની રહી છે.સહકારિતા મંત્રાલયે આ ચાર વર્ષમાં ૬૦ થી વધુ મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે, જેના લાભ દેશભરની સહકારી સંસ્થાઓને મળી રહ્યો છે. ભારતમાં સહકારી આંદોલનની સમૃદ્ધ અને પ્રભાવશાળી પરંપરા રહી છે. ખાસ કરીને ગ્રામિણ અને કૃષિ આધારિત અર્થતંત્રમાં આંદોલનના માધ્યમથી વ્યાપક સામાજિક-આર્થિક પરિવર્તન આવ્યું છે. દેશભરમાં હાલમાં ૮.૫ લાખથી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જેમાં લગભગ ૨૯ કરોડ નાગરિકો સભ્ય તરીકે જોડાયા છે. આ સંસ્થાઓ કૃષિ ઉત્પાદન, ગ્રામિણ નાણાંકીય સેવાઓ, રહેઠાણ, માર્કેટિંગ, ઉપભોક્તા સેવાઓ, ડેરી ક્ષેત્ર, માછીમારી અને અન્ય ઉદ્યોગોમાં સક્રિય ભાગીદારી નિભાવી રહી છે.

# નેશનલ કોરીડોર નો વિશાળ લાભ ગુજરાતને : દિલીપ સંઘાણી

## ગુજરાતની સડક અને પરિવહન વિકાસથી પ્રભાવીત નવિ દિલ્હી ખાતે કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નિતિન ગડકરી-દિલીપ સંઘાણીની શુભેચ્છા મૂલાકાત



સમગ્ર દેશની સડક અને પરિવહન યોજનાઓમાં ગુજરાત અગ્રેસર રીતે જોડાયેલ છે, નેશનલ કોરીડોર નો વિશાળ લાભ ગુજરાત મેળવી રહેલ છે અને તેથી વિકાસમા ગુજરાત અવલ્લ છે એવા ગુજરાતના વિકાસ થી સૌ કોઈ પ્રભાવિત છે તેમ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સાથે શુભેચ્છા મૂલાકાતે પહોચેલા એનસીયુઆઈ, ઈફકો, અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી સાથેની મૂલાકાતમા જણાવેલ હતું. મુલાકાત દરમિયાન શ્રી સંઘાણીએ ગુજરાતના વિકાસમા માર્ગ ક્ષમતા અને તેના દ્વારા કૃષિ પરિવહન પ્રવૃતિઓ સાથે કોઓપરેટિવ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં લેવાતા પગલા, ખાતર-બિજ ના વિતરણ વ્યવસ્થા તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડૂત લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી. શ્રી ગડકરીએ શ્રી સંઘાણીને ભારતના કૃષિ ક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળના મજબુતીકરણ માટેના યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને ભાવિ યોજનાઓ માટે સહયોગની ખાતરી ઉચ્ચારી હતી

# ઈફકો અધ્યક્ષશ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે મુલાકાત કરી

**ભારત અને જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રમાં સહકારને નવી ઊંચાઈએ પહોંચાડવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ : શ્રી દિલીપ સંઘાણી**





## કૃષિ અને ખાતર ક્ષેત્રમાં પરસ્પર સહકારથી બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા મળશે : પ્રધાનમંત્રી શ્રી જાફર હસન

ભારત–જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત, ઈફકો (IFFCO) ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે અમાન ખાતે પ્રધાનમંત્રી નિવાસ ખાતે મુલાકાત કરી હતી. આ સૌહાર્દપૂર્ણ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ખાતર ઉદ્યોગના વિકાસ, નવીન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. પ્રધાનમંત્રી શ્રી જાફર હસને ભારત–જોર્ડન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં સહકાર બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા આપશે. શ્રી દિલીપ સંઘાણીએ જોર્ડન સરકારના સહયોગ અને સમર્થન માટે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે ઈફકો અને જિફકો (JIFCO) ના સંયુક્ત પ્રયાસોથી આગામી સમયમાં ખાતર ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થશે, જેનો સીધો લાભ બંને દેશોના ખેડૂતોને મળશે. આ પ્રસંગે જિફકો (JIFCO) ના અધ્યક્ષ પ્રો. મહમ્મદ કે. થનૈબત, ઈફકો મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ, ઉપ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# "સહકાર થી સમૃદ્ધિ" સંકલ્પ સાકાર કરવા માટે ગુજકોમાસોલ પ્રતિબદ્ધ છે : દિલીપ સંઘાણી

## ગુજકોમાસોલનું ટર્નઓવર રૂા.૨૨૩૯ કરોડ થી વધી ને વર્ષ ૨૪-૨૫ માં રૂા. ૯૫૯૩ કરોડ સુધી પહોચ્યુ છે : દિલીપ સંઘાણી




"ગુજકો" બ્રાન્ડ હેઠળ વેચાણ કરવાનું એક મજબુત માર્કેટીંગ પ્લેટફોર્મ એટલે "ગુજકો માર્ટ"(ગુજકો મોલ) : દિલીપ સંઘાણી



આત્મા કો-ઓપરેટીવ અને વ્યવસ્થાપન કોર્પોરેટ કક્ષાનુ કેવુ હોય એ ગુજકોમાસોલમાં સ્પષ્ટ દેખાય છે : દિલીપ સંઘાણી












### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- આત્મનિર્ભર ભારત માટે વેલ્યુએડિશન પ્રોડક્ટ અને વોકલ ફોર લોકલ - લોકલ ફોર ગ્લોબલનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આહવાન ગુજકોમાસોલ જેવા સહકારી સંગઠનોએ ઝિલી લીધું છે.
- દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર ક્ષેત્રે અનેક રિફોર્મ્સ થયા છે.
- ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ દ્વારા ૧૫૦૦ જેટલી એ.પી.એમ.સી જોડવામાં આવી છે.

ગુજકોમાસોલ એ રાજયની ટોચની સહકારી સંસ્થા છે. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ત્રિભુવનદાસ પટેલ જેવા સંનિષ્ઠ સહકારી આગેવાન દ્વારા અમુલની સ્થાપના થઈ હતી. એ જ ત્રિભુવનદાસ પટેલે વર્ષ ૧૯૬૦ માં ગુજકોમાસોલની સ્થાપના કરેલ. સ્થાપનાકાળથી ખાતર, દવા, બિયારણો, ખેત જણસોની ખરીદી, સ્ટોરેજ વગેરે જેવી અનેકવિધ ખેડુતલક્ષી પ્રવૃતિઓ ગુજકોમાસોલ દ્વારા થઈ રહી છે. દેશના સહકારી માળખા માટે ગૌરવરૂપ કહી શકાય કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી, જેનો કાર્યભાર સફળ અને સબળ નેતા માન.શ્રી અમિતભાઈ શાહ સંભાળી રહયા છે. તા. ૧૭/૦૭/૨૦૧૭ નાં રોજ પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા ગુજકોમાસોલનું સુકાન મને સોંપવામાં આવ્યુ. આજ દિવસ સુધી ખેડૂત ખેતી અને સહકાર ને કેન્દ્રમાં રાખી ગામડાના નાણા માં નાના માણસ સુધી લાભ પહોંચાડવા માટે કામગીરી કરી રહ્યો છું. આજે ગૌરવ સાથે કહી શકું કે, વર્ષ ૨૦૧૭માં ગુજકોમાસોલનું ટર્નઓવર રૂા.૨૨૩૯ કરોડ હતુ તે સને ૨૦૨૪-૨૫ માં રૂા. ૧૦,૨૭૫ કરોડ સુધી પહોચ્યુ છે, જયારે ગ્રોસ નફો



રૂા.૧૪૫.૬૫ કરોડ થી વધુ થવા જઈ રહયો છે તેમજ વાર્ષિક રૂા.૨.૫ કરોડ, ૫ કરોડ, ૮ કરોડ જેટલો નેટ નફો થતો હતો તેની જગ્યાએ તેનાથી આઠ ગણો નફો એટલે કે રૂા. ૭૬.૧૦ કરોડ જેટલો અંદાજિત નેટ નફો કરતી સંસ્થા બનવા જઈ રહી છે. સાથે-સાથે ખેડુતોની ઓફીસ વાર માંથી વિદ્યા માં બની ચુકી છે.આત્મા કોઓપરેટીવ અને વ્યવસ્થાપ્ર કોર્પોરેટ કક્ષાનુ કેવુ હોય એ ગુજકોમાસોલમાં સ્પષ્ટ દેખાય છે. કારણ કે, ૨૨ % ડીવીડન્ડ આપતી એકમાત્ર સંસ્થા બનવાનો શ્રેય પણ ભાજપ શાસીત ગુજકોમાસોલને જાય છે. સરકાર દ્વારા ડીવીડન્ડની મહતમ મર્યાદા ૨૦% નિયત થતા ગુજકોમાસોલ પણ હાલમાં ૨૦ % ડીવીડન્ડ ચુકવે છે. જે અગાઉ ૨૨% ચુકાવેલ (સમગ્ર દેશમાં સૌથી વધુ). ગુજકોમાસોલ દ્વારા કરવામાં આવેલ પ્રગતિઓ અને સિધ્ધિઓ ઉડી ને આંખે વળગે તેવી છે. જેમકે, ખાતરના વેચાણમાં ઉતરોતર વધારો થતો રહયો



છે. ૨૦૧૭માં રૂા. ૧૫૮૪ કરોડના ખાતરની સામે ચાલુ વર્ષે રૂા. ૧૯૩૭ કરોડના ખાતરો ગુજરાતના છેવાડાના ગામડાઓ સહિતની જગ્યાઓએ વિતરીત કરવામાં આવ્યા છે. રૂા.૨૦-૨૫ કરોડના બિયારણના વેચાણની સામે શુધ્ધ સર્ટીફાઈડ ગુણવતાયુકત બિયારણોનું ટર્નઓવર રૂા. ૧૫૮ કરોડે પહોચ્યુ છે. ટેકાના ભાવોની ખરીદીમાં ગુજકોમાસોલે અત્યંત ઉમદા કામગીરી કરી છે. સને ૨૦૨૪-૨૫ માં ૯.૨૨ લાખ મે.ટન ની મગફળી, રાયડો, ચણા તેમજ તુવેર વગેરે જેવી જણસીઓની ખરીદી આશરે રૂા.૭૪૦૦ કરોડની ગુજકોમાસોલે સરકારશ્રી દ્વારા નિયત કરેલા જુદા-જુદા સેન્ટરો ઉપરથી પુરી પારદર્શકતા અને ખેડુતોનો વિશ્વાસ મજબુત થાય તે રીતે કરી છે.ખાતર, દવા, બિયારણની કામગીરીને વધુ ને વધુ અસરકારક કરવાની સાથે સાથે વૈવિધ્યકરણ અને મુલ્યવર્ધનની દિશામાં સારી કામગીરી થઈ શકે અને "સહકાર થી સમૃધ્ધિ" નું સુત્ર ખરા અર્થમાં ચરિતાર્થ થઈ શકે તે માટે ડાયવર્ગીફીકેશનઅને વેલ્યુએડીશન નામનો નવો વિભાગ છેલ્લા ચાર વર્ષથી કામગીરી કરી રહયો છે. પ્રથમ વર્ષે થયેલ રૂા.૨.૧૯ કરોડના ટર્નઓવરથી લઈને ચાલુ વર્ષે રૂા.૪૯.૭૦ કરોડનું ટર્નઓવર આ વિભાગમાં થયેલ છે. જેમાં મુખ્યત્વે ઓર્ગેનિક ચિજવસ્તુઓની સાથે-સાથે સરકારની ઘણી યોજનાઓમાં કામગીરીઓ કરવામાં આવેલ છે અને તે દ્વારા રાજયના ૨૫૨ તાલુકાઓમાં ૧,૭૮,૯૪૯ ખેડૂતોને વિવિધ યોજનાઓનો લાભ મળ્યો છે. ગુજકોમાસોલના કર્મચારીઓના પગારમાં સન્માનજનક વધારો કરવામાં આવ્યો છે. નવી સહકાર નિતિ અનુસાર સંસ્થાઓને કોમ્પ્યુટરાઈઝ કરવાનું આહવાન કરવામાં આવ્યુ છે, ત્યારે ગુજકોમાસોલના તમામ યુનિટો,તમામડેપોનેકોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવ્યા છે, તથા જિલ્લાના અધિકારીઓને લેપટોપ તથા પ્રિન્ટર સહિતની સુવિધાઓ આપવામાં આવી છે.સંસ્થાની જરૂરીયાત અને પ્રાથમિકતાઓને ધ્યાને લઈ સંસ્થાની જુદી-જુદી મિલ્કતોને અંદાજિત રૂા.૮૦ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કરીને રિડેવલોપમેન્ટ કરવામાં આવી છે. રાજયમાં ગુજકોમાસોલના કુલ ૧૫૭ ગોડાઉનો છે, જેની સ્ટોરેજ ક્ષમતા ૨.૧૦ લાખ મે. ટન છે. તમામ ગોડાઉનો નો ફેડરેશન દ્વારા મહતમ વપરાશ કરવામાં આવે છે અને જરૂરીયાત ન હોય એવા ગોડાઉનો ભાડે આપી ભાડા ની આવક પણ ઉભી કરવામાં આવી છે. ચાલુ વર્ષે રૂા.૬.૮૭ કરોડ જેટલી ગોડાઉન ભાડાની આવક ફેડરેશન ને થયેલ છે.અમરેલીમા ઓઈલ મિલ, કચ્છ અને જુનાગઢમાં કેરી, દાડમ, ખારેક જેવા પાકોનુ વેલ્યુએડીશન કરી સપ્લાય ચેઈન ઉભી કરવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. સંસ્થાના ભરૂચ ખાતેની મિલ્કત ઉપર બનાના ફાયબર પ્રોજેકટ અંતર્ગત કેળાના થડમાંથી ફાયબર બનાવવાનુ ટ્રેઈનીંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે. આ વિસ્તારમા કેળાની ખેતી કરતા ખેડુતોને વિના મુલ્યે ટ્રેનીંગ આપવામાં આવે છે અને જો ખેડુતો જાતે ફાયબર અને તેનામાંથી અન્ય ચિજવસ્તુઓ બનાવે તો તેનુ માર્કેટીંગ પણ ગુજકોમાસોલે કરી આપવાનુ તમામ આયોજન કર્યુ છે.

કેળાના થડને ખેતરમાંથી કાઢીને નિકાલ કરવામાં જે ખેડુતને ખર્ચ થતો હતો તેની જગ્યાએ તેમાંથી આવક થશે અને આમ વેસ્ટમાંથી બેસ્ટ બનવાનો

ખેડુતલક્ષી, મજુરલક્ષી, પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ અંતર્ગત ગુજકોમાસોલ ઉમદા કામગીરી કરી રહયુ છે.ગુજકોમાસોલે "GUJCO" એટલે કે "ગુજરાત કો-ઓપરેટીવ" ની નવી બ્રાન્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ છે. ખેડુતોની સમૃધ્ધિને સુનિશ્ચિત કરવાના યાદીમાં સખી મંડળો, સેલ્ફ હેલ્પ ગ્રુપો, સહકારી મંડળીઓ અને FPO ને પણ સામેલ કરવાનુ લક્ષ્ય રાખવામાં આવ્યુ છે. ખેડુતોના ખેત-ઉત્પાદનોનુ સુચારૂ ઢબે માર્કેટીંગ શરૂ થતા ખેડુતોને પોષણક્ષમ ભાવો મળે અને ગ્રાહકોને વ્યાજબી ભાવે ચિજવસ્તુઓ મળી રહે, જેથી ઉત્પાદક અને ઉપભોક્તા બન્ને ને ફાયદો થાય, ઉપભોકતાઓને આવનારા દિવસોમાં ફ્રેસ ઉત્પાદનનો ઉપરાંત ''રેડી ટુ ઈટ", "રેડી ટુ કુક", મધ, જંગલની જડીબુટ્ટીઓ, વિસરાય ગયેલ ચોખાની જાતો, ખાંડેલા શુધ્ધ મસાલાઓ, ઓર્ગેનિક પ્રોડક્ટ, ૨૫ પ્રકારની હેલ્થ કીટ આ બધુજ ''ગુજકો" બ્રાન્ડ હેઠળ થશે. મહત્વની બાબત એ છે કે ગુજકોમાસોલ સાથે સંયોજિત સહકારી મંડળીઓ દ્વારા બનાવાતી પ્રોડકટસને પણ "ગુજકો" બ્રાન્ડ હેઠળ વેચાણ કરવાનું એક સરસ માર્કેટીંગ પ્લેટફોર્મ મળે તે "ગુજકો માર્ટ'' (ગુજકો મોલ) શરૂ કરવામાં આવેલ છે.

ગુજકોમાસોલ હંમેશા ખેડૂત હિતને પ્રથમ સ્થાને રાખી કાર્યરત રહી છે. આ જ દિશામાં મહેસાણા ખાતે આધુનિક ટેકનોલોજી આધારિત ઈન્ટિગ્રેટેડ એગ્રી લોજિસ્ટિક્સ પાર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેનુ નજીકના ભવિષ્યમાં લોકાર્પણ કરવામાં આવનાર છે.ખેડૂતોને પાક પછીની મૂલ્યવર્ધન સુવિધા પૂરી પાડવી, સહકારી મંડળીઓ, FPO, PACS તથા ખેડૂતો પાસેથી સીધી ખરીદી. AI આધારિત કૃષિ સલાહકાર સેવા દ્વારા પાકની ગુણવત્તા અને ઉપજ સુધારવી, પેકહાઉસ અને કોલ્ડ ચેઈન દ્વારા આંતરરાષ્ટ્રીય ધોરણની સ્ટોરેજ અને નિકાસ સુવિધા પૂરી પાડવાનો છે. તદુપરાંત ભવિષ્યમાં વેક્યૂમ ફ્રીઝ ડ્રાઈંગ અને મસાલા પ્રોસેસિંગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેમજ ફળ અને શાકભાજીનું સોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકિંગ



યુનિટ, ફ્રોઝન ફળ અને શાકભાજી પ્રોસેસિંગ યુનિટ, ફ્રોઝન સ્ટોર અને કોલ્ડ સ્ટોરેજ સુવિધા, ટ્રોપિકલ ફળ-શાકભાજી પેકિંગ લાઈન, કલાસ છ એક્સપોર્ટ ફેસિલિટી વેરહાઉસ વી. બાબતે ખેડૂતોને મદદરૂપ સાબિત થાશે. GUJCOMASOL દ્વારા પહેલેથી જ લગભગ ૨૦ જેટલી સહકારી મંડળીઓ (PACS) સાથે આવા પ્રકારના પેકહાઉસ સ્થાપવા માટે સમજૂતી થઈ ચૂકી છે. આ વ્યવસ્થા હેઠળ ગામડાની મંડળી સીધી ફળ, શાકભાજી અને મસાલા ખેડૂતો પાસેથી ખરીદી કરશે. ખરીદાયેલ પાક GUJCOMASOL દ્વારા આધુનિક સુવિધાઓમાં પ્રોસેસ કરીને નિકાસ માટે મોકલવામાં આવશે તેમજ સ્થાનિક બજારમાં પણ વેચવામાં આવશે.આ પાર્કનો મુખ્ય હેતુ ખેડુતોને પોષણક્ષમ ભાવ મળવો, પાક પછીના નુકસાનમાં ઘટાડો કરવો અને સહકારી મંડળીઓ તથા ખેડૂતોને સીધા માર્કેટ સાથે જોડવાનો છે. આ પ્રોજેક્ટના માધ્યમથી સ્થાનિક તેમજ નિકાસ બજારમાં કૃષિ ઉત્પાદનનો પુરવઠો વધુ સુવ્યવસ્થિત અને ટકાઉ બનશે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ ના "સહકાર થી સમૃદ્ધિ" સંકલ્પ ને સાકાર કરવા માટે ગુજકોમાસોલ પ્રતિબદ્ધ છે અને સૌના સાથ - સૌના સહકાર અને સહિયારા પ્રયાસ થકી ગુજકોમાસોલ આજે નવા - નવા ક્ષેત્રોમાં ઉતરોતર પ્રગતિના સોપાનો સર કરી ખેડુતો તથા આમ જનતા ની સેવા કરી રહયુ છે.



ઉત્તર પ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી સાથે ઇફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ શુભેચ્છા મુલાકાત કરી. મુલાકાત દરમ્યાન શ્રી સંઘાણીએ મુખ્ય પ્રધાનનું સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી અભિવાદન કર્યું હતું. બેઠકમાં સહકારિતા ક્ષેત્ર તેમજ ઇફ્કોની વિવિધ પ્રવૃત્તિઓ તથા સહકારિતા ક્ષેત્રમાં કાર્યરત વિવિધ યોજનાઓના સશક્તિકરણ અંગે સકારાત્મક ચર્ચા કરી. ઇફ્કોના ઉપાધ્યક્ષ શ્રી બલવીર સિંહ, ઇફ્કો ના MD કે.જે. પટેલ સહિત અન્ય મહાનુભાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને નેતૃત્વમાં અને દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વડપણ તળે ભારત સરકારનું નું ક્રાંતિકારી કદમ: દિલીપ સંઘાણી

## આ વિશ્વવિદ્યાલય સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.:દિલીપ સંઘાણી

### સહકારીતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય - બીજ વાવશે, ઉગશે અને ઉગારશે:દિલીપ સંઘાણી

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલય ની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ" લોકસભા અને રાજ્યસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સમગ્ર વિશ્વ સહકારીતાના શ્વાસોશ્વાસ થી સભર છે, સહકારના ઉદ્ગમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતા સને.૧૯૦૪ માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નિતી–નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજીક જીવનધોરણને સ્પર્શે છે. સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શકિતને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજીક ઉત્થાનનુ અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી માન.શ્રી અમીતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃતિને ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ "ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે. આ ક્ષેત્ર આપણું સૌનું છે આપણે સૌ તેમા સંકળાયેલ છીએ.... સમાયેલ છીએ.... સહયોગી છીએ....

વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમ ના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે.

ગુજરાતની સહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.



આ વિશ્વવિદ્યાલય ભારતમાં સહકારી આર્થિક આંદોલનને સુવર્ણ યુગમાં પ્રવેશ અપાવનાર ઐતિહાસીક કદમ સાબીત થશે.:દિલીપ સંઘાણી

સહકારી અને સાર્વજનીક વિકાસમા યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓ માંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય "સહકાર થી સમૃધ્ધિનો" માર્ગ બનશે જેમા પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃતિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વવિદ્યાલયના ડિગ્રી શિક્ષણમા યુવાનોની સામેલગીરી સહકારને નવી શકિત પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે – વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક,

આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧ મા આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મૂલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું, સ્વદેશી કપડા તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાને રોજગારી મળી અંતે સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃતિ જેને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનું કામ કરશે ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે.

ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. માનનીય પ્રધાનમંત્રી નું સુત્ર "સહકાર થી સમૃધ્ધી" ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શક્તિમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે





**દિલ્હી ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ મંત્રી શ્રી જે.પી. નડ્ડાજી ના દિલ્હી સ્થિત નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત કરતા NCUI અને ઇફકોના અધ્યક્ષશ્રી દિલીપ સંઘાણી ઇફકો દ્વારા નિર્મિત નેનો યુરિયા અને નેનો ડી.એ.પી ના ડેવલપમેન્ટ બાબતે વિસ્તૃત ચર્ચા કરી.**

# ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે શુભેચ્છા મુલાકાત કરી

**આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ ઇફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.**

### ઇફકો કિસાન SEZ ના વિકાસ અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વકની ચર્ચા થઇ : દિલીપ સંઘાણી

**મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ અને ત્વરિત સહકાર બદલ હૃદયપૂર્વક આભારઃ દિલીપ સંઘાણી**

ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફકો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી. મુખ્યમંત્રીએ શ્રી દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યક્ત કર્યું. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરી. મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ



માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા. શ્રી દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે. બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી શ્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. એન. યુવરાજા (IAS), ઈફકાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.જે. પટેલ, સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર, ઈફકો કિસાન SEZ ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ટી. સુધાકર અને નેલ્લોરના કલેક્શનર શ્રી હિમાંશુ શુક્લા (IAS) ઉપસ્થિત રહ્યા હતા.



# સહકારી શિક્ષણનો રૂપાંતરણ

## યુવાનોને સશકત બનાવવા અને સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે એનસીઆયયુઆઈ(NCUI )ના એલએમએસ (LMS) પોર્ટલની ભૂમિકા: દિલીપ સંઘાણી

ભારતમાં સહકારી આંદોલનની એક સમૃદ્ધ અને અસરકારક પરંપરા રહી છે, જેનાથી ખાસ કરીને ગ્રામ્ય અને કૃષિઆધારિત અર્થતંત્રમાં વ્યાપક સામાજિક-આર્થિક પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું છે. હાલ દેશમાં ૮.૫ લાખથી વધુ સહકારી સમિતિઓ કાર્યરત છે, જેમના આશરે ૨૯ કરોડ સભ્યો છે. આ સમિતિઓ કૃષિ ઉત્પાદન, ગ્રામ્ય નાણાંકીય સેવા, આવાસ, માર્કેટિંગ, ગ્રાહક સેવા, ડેરી, માછીમારી અને અન્ય ઉદ્યોગોમાં સક્રિય ભાગ ભજવી રહી છે. છતાંય, સહકારી ક્ષેત્રને સારા શાસન, નવીનતા, તાલીમની અછત અને ટેકનોલોજી પાછળ પડવાના પડકારોનો સામનો કરવો પડ્યો છે.

### સહકારિતા મંત્રાલયની સ્થાપના અને શ્રી અમિત શાહનું નેતૃત્વ

આ પડકારોને દૂર કરવા અને સહકારી આંદોલનને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે ભારત સરકારએ જુલાઈ ૨૦૨૧માં સહકારિતા મંત્રાલયની સ્થાપના કરી હતી? આ એક ઐતિહાસિક નિર્ણય હતો, જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના કુશળ નેતૃત્વનું પરિણામ હતું. શ્રી શાહે મંત્રાલયની રચનાના તરતબાદ સહકારી ક્ષેત્રમાં અનેક ઢાંચાકીય સુધારાઓ અને દુરગામી નીતિઓ અમલમાં મૂકી છે, જેમાં ત્રણ રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓ—જૈવિક ઉત્પાદનોના નિકાસ, બીજ ક્ષેત્ર અને બહુહેતુક સેવાઓ માટે સમિતિઓ—ની રચના શામેલ છે. આ સંસ્થાઓના માધ્યમથી સહકારી સમિતિઓને વૈશ્વિક બજાર સુધી પહોંચ, વધુ સારી ગુણવત્તાવાળા બીજ અને જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાનું માર્ગ ખુલ્લું થયું છે.

### રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટીઃ એક રૂપાંતરક પહેલ

સરકારે સહકારી શિક્ષણ અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે "રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટી"ની સ્થાપના કરી છે. આ યુનિવર્સિટી સહકારી સંચાલન, નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા, ડિજિટલ મેનેજમેન્ટ અને નીતિ નિર્માણ જેવા વિવિધ ક્ષેત્રોમાં વિશેષ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને સહકારી કર્મચારીઓને તાલીમ આપશે. તેનું મુખ્ય હેતુ માત્ર સહકારી ક્ષેત્રની વ્યાવસાયિક ક્ષમતાઓને મજબૂત બનાવવું નથી, પરંતુ ગ્રામ્ય યુવાનો માટે રોજગારીના નવા અવસર પણ ઊભા કરવાનું છે. આ પહેલથી સહકારી બેંક, માર્કેટિંગ સંઘો, આવાસ સમિતિઓ, કૃષિ સેવા સમિતિઓ અને અન્ય ઘણા ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધન માટેની જરૂરિયાતો પૂરી કરી શકાશે.

### પ્રધાનમંત્રી દ્વારા પોર્ટલનો પ્રારંભ

સહકારી શિક્ષણને ડિજીટલ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલાં તરીકે, નેશનલ કોઓપરેટિવ યુનિયન ઑફ ઈન્ડિયા (NCUI) દ્વારા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) પોર્ટલ વિકસાવવામાં આવ્યો છે. આ પોર્ટલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ટેકનોલોજીથી સજ્જ ભારત અને આત્મનિર્ભર સહકારિતાની કલ્પનાનું એક અંગ છે. તેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રીએ ૧૭માં ભારતીય સહકારી સપ્તાહની ઉજવણીના અવસરે કર્યું હતું. આ પોર્ટલ ટેક્નોલોજી આધારિત શિક્ષણ માટેનું એક આધુનિક સાધન છે, જે સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા વ્યાવસાયિકોને ક્યારેય અને ક્યાંયે પણ ગુણવત્તાયુક્ત તાલીમ પ્રાપ્ત કરવાની સુવિધા આપે છે.

**એલએમએસ પોર્ટલનું હેતુ**

એલએમએસ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણને વધુ સરળ, આકર્ષક અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ બનાવવાનો છે. પોર્ટલમાં ઉપલબ્ધ રચનાત્મક અભ્યાસક્રમો દ્વારા યુવાનો, સભ્યો, કર્મચારીઓ અને ઉદ્યોગસાહસિકો સહકારી વ્યવસ્થાપન, શાસન, હિસાબી વ્યવસ્થા, ઓડિટ, કાનૂની પ્રક્રિયાઓ અને સામાજિક ઉદ્યોગસાહસિકતા જેવા વિષયોમાં નિપુણતા મેળવી શકે છે.

**એલએમએસ (LMS) પોર્ટલની મુખ્ય વિશેષતાઓ:**

●સામાન્ય મોડ્યુલ્સ – સહકારી શાસન તંત્ર, નાણાકીય વ્યવસ્થાપન, ઓડિટ, સભ્ય વ્યવસ્થાપન અને કાનૂની અનુપાલન પર આધારિત અભ્યાસક્રમો?

●વિશિષ્ટ પ્રાંત આધારિત મોડ્યુલ્સ – પીએસીએસ, હાઉસિંગ કોઓપરેટિવ્સ, માછીમારી સમિતિઓ, આરોગ્ય સહકારિતાઓ અને શહેરી તથા ગ્રામ્ય સહકારી બેંકો જેવા વિશિષ્ટ ક્ષેત્રો માટે રચાયેલા અભ્યાસક્રમો?

●ક્વેરી મેનેજમેન્ટ સિસ્ટમ (QMS) – આ સિસ્ટમ તાલીમાર્થીઓને વિશેષજ્ઞો સાથે સીધા સંવાદ કરવાનો અને પોતાના પ્રશ્નો માટે માર્ગદર્શન મેળવવાનો અવસર આપે છે

આ મંચ માત્ર અધ્યયન માટે નહીં પરંતુ સંવાદ અને ઉકેલ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરે છે, જ્યાં તાલીમાર્થીઓ પોતાના સંશયો માટે નિષ્ણાતોથી ઝડપી સલાહ મેળવી શકે છે.આથી નિર્ણય લેવામાં આવેલી કાર્યદક્ષતા તેમજ વ્યવસાયિક કૌશલ્યમાં નોંધપાત્ર વૃદ્ધિ થાય છે.

**યુવાનોનું સશક્તિકરણ અને રોજગારીના અવસર**

**LMS પોર્ટલ યુવાનોને સહકારી ક્ષેત્રમાં કરિયરની તૈયારી માટે સજ્જ કરે છે અને તેમને ઉદ્યોગસાહસિકતાની દિશામાં પ્રોત્સાહિત કરે છે. આ પોર્ટલ મારફતે યુવાનો નીચે મુજબ લાભ લઈ શકે છે:**

● ડિજીટલ રીતે પહોંચનીય શિક્ષણ – ગ્રામ્ય અને શહેરી બંને વિસ્તારોના વિદ્યાર્થીઓ સરળતાથી ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.

● નવી રોજગારીના અવસર – તાલીમિત વ્યક્તિઓ માટે સહકારી સંસ્થાઓમાં ટ્રેનરો, સલાહકારો અને મેનેજર્સ તરીકે માંગ વધતી જાય છે.

● સ્વ-રોજગારી અને ઉદ્યોગસાહસિકતા – LMS પોર્ટલ સહકારી વ્યવસાય શરૂ કરવા માટે માર્ગદર્શન અને જરૂરી તાલીમ ઉપલબ્ધ કરાવે છે.

**સરકારનો દ્રષ્ટિકોણ: આત્મનિર્ભર સહકારિતા**

કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે LMS પોર્ટલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ મંચ સહકારી ક્ષેત્રને આધુનિક વ્યવસાયિક મોડેલો, સ્પર્ધાત્મક વ્યૂહરચનાઓ અને નવીનતા આધારિત દૃષ્ટિકોણ અપનાવવા માટે તૈયારી આપે છે. આ પહેલ 'આત્મનિર્ભર ભારત' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવા રાષ્ટ્રીય લક્ષ્યોને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**ભવિષ્યની દિશા: LMS પોર્ટલનો વિસ્તરણ**

**એનસીઆઈયુઆઈ દ્વારા LMS પોર્ટલને વધુ અસરકારક અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ બનાવવાના હેતુથી તેને આગળ વધારવા માટે વિવિધ નવી સુવિધાઓની યોજના બનાવવામાં આવી રહી છે:**

● લાઈવ વેબિનાર અને નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાન – સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના નિષ્ણાતો સાથે સીધો સંવાદ કરવાનો અવસર.

● ઉન્નત પ્રમાણપત્ર કાર્યક્રમો – વ્યવસાયિક પ્રતિષ્ઠા અને કારકિર્દી વૃદ્ધિ માટે વિશેષ પ્રમાણપત્રો.

● AI આધારિત વ્યક્તિગત અભ્યાસ પાથ – દરેક વિદ્યાર્થીના કૌશલ્ય અને પ્રગતિ મુજબ અનુરૂપ અભ્યાસક્રમ સૂચન.

● મોબાઈલ એપ્લિકેશન – શીખવા માટે "ક્યાંય પણ, ક્યારે પણ" સુવિધા ઉપલબ્ધ કરાવવી

**નિષ્કર્ષ :-**

એનસીઆઈયુઆઈનું LMS પોર્ટલ એક ક્રાંતિકારી પહેલ છે, જે માત્ર સહકારી શિક્ષણને ડિજીટલ બનાવવાનું પગલું નથી, પરંતુ સહકારી ક્ષેત્રમાં નવીનતા, ટકાઉ વિકાસ અને આત્મનિર્ભરતા માટેની મજબૂત નાંખી રહેલું પાયો છે. આ મંચ યુવાનોને આધુનિક વ્યવસાયિક જ્ઞાન આપે છે અને તેમને સશક્ત બનાવે છે, સાથે જ સહકારી સમિતિઓને પણ ભવિષ્ય માટે તૈયાર કરે છે. આ પ્રયાસ ભારતીય સહકારી આંદોલનને નવી દિશા અને ઉર્જા આપે છે. સરકારની મજબૂત ઈચ્છાશક્તિ, નીતિ આધાર અને ટેક્નોલોજીકલ નવીનતાઓના સંયોજન સાથે, આ પોર્ટલ ભારતના સહકારી ક્ષેત્રને વૈશ્વિક સ્પર્ધામાં ટક્કર આપવા અને સામાજિક-આર્થિક પરિવર્તન લાવવાના દિશામાં એક મીલનો પથ્થર સાબિત થશે.

# અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી – અમરેલી

**શ્રી દિલીપભાઈ સંઘાણી જિલ્લામાં રોજગારી અને વિકાસ માટે ચિંતા કરતા અને અમરેલી જિલ્લામાં લોકોને કાયમી રોજગારી મળી રહે તે માટે સતત પ્રત્યત્નશીલ**

- **સંઘની સ્થાપનાઃ**

અમરેલી જિલ્લાની સતત ચિંતા કરતા અમરેલી જિલ્લાના પનોતાપુત્ર ખેડૂત નેતા શ્રી દિલીપ સંઘાણી ને વિચાર આવ્યો કે જિલ્લામાં રોજગારી તથા કૃષિ,પશુપાલન માટે શું કરી શકાય? અને આજ એક વિચારે બીજ રોપ્યા અમર ડેરીની સ્થાપના કરવાના રોજગારી માટે ક્યો ઉદ્યોગ કરી શકાય? આ માટે રાજયમાં સર્વે કરવામાં આવ્યો. જેમાં સાબરકાંઠા, બનાસકાઠા જેવા જિલ્લાઓનો પ્રવાસ કરી જાણવા મળેલ કે અમરેલી જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય જ સારી રીતે થઈ શકે જે અનુસંધાને અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી ને રજીસ્ટર કરાવી અમર ડેરીની સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. પરંતુ જિલ્લામાં જે અગાઉ ચાલતા ડેરી ઉદ્યોગ હતો જેને તપાસ કરતા સૌ પ્રથમ ગુજરાત ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (જી.ડી.ડી.સી) દ્વારા અમરેલી જિલ્લામાં ચલાલા ખાતે દૂધ સંપાદન અને પ્રોસેસિંગ કરવામાં આવતુ જેમાં ગેરરીતી થવાના કારણે તે બંધ થયેલ ત્યાર બાદ ઘણા સમય પછી આ યુનિટ નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (એન.ડી.ડી.બી) દ્વારા સંભાળેલ અને એન.ડી.ડી.બી એ યુનિટી શરૂ કરેલ હતુ એ પણ લાંબો સમય ન ચાલ્યુ અને બંધ થઈ ગયુ. તે અંગે તપાસ કરતા જી.ડી.ડી.સી અને એન.ડી.ડી.બી રાજય સરકાર અને ભારત સરકાર ના સાહસ હોવાના કારણે યોગય સંકલનના અભાવે ખોટ કરી બંધ થયા હતા. જયારે દક્ષિણ ગુજરાત સાઈડ સહકારી ધોરણે દૂધ સંઘો કાર્યરત હોય અને અમુલ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હેઠળ કામ કરતા હોવાના કારણે લોકોની સીધી ભાગીદારી થી સ્વયંસંચાલિત હોવાના લીધે ઉકત સિધ્ધીઓ હાસલ કરેલ છે.



આદરણીય દિલીપભાઈ સંઘાણી સાહેબ દ્વારા ઉકત બાબતે આદરણીય પરશોત્તમભાઈ રૂપાલા સાહેબ સાથે પરામર્શ કરીને અમરેલી જિલ્લા સહકારી બેંકની સામાન્ય સભા બોલાવી અમરેલી જિલ્લાના પશુપાલકોને ત્વરિત અને કાયમી ધોરણે રોજગારી આપવા માટે બેંકની સામાન્ય અભામાં અમર ડેરીની સ્થાપના માટે આદરણીય દિલીભાઈ સંઘાણી સાહેબ દ્વારા દરખાસ્ત મુકવામાં આવી જે અંગેની લંબાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવી અને ચર્ચાના અંતે અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. પરંતુ દૂધ સંઘ રજીસ્ટ્રેશન કરવા માટેની કાર્યવાહી શરૂ કરતા જાણવા મળ્યુ કે સરકારશ્રીના કાળા કાયદાના કારણે સૌરાષ્ટ્રમાં કોઈ જગ્યાએ નવા દૂધ સંઘ નોંધી ન શકાય જે અંગેની પાબંધી કરવામાં કરવામાં આવી છે પરંતુ અમરેલી જિલ્લામાં આદરણીય દિલીપભાઈ સંઘાણી સાહેબની કાયદાકીય સુઝબુઝ ના કારણે એનકેન પ્રકારે કાયદાઓની આટીઘુટી માંથી પસાર થઈને અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરીનુ રજીસ્ટ્રેશન તા. ૧૫-૦૭-૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ.

સરકારશ્રીમાં આ વાત પાછળથી ધ્યાને આવતા જે અધિકારી દ્વારા દૂધ સંઘની નોંધણી કરેલ તેમને શો કોઝ નોટીસ આપી ખુલાસા માંગવામાં આવેલ જેની જાણ તત્કાલીન કૃષિ મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના થતા તેમણે તે વાત તત્કાલીન માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ધ્યાન પર લાવી આ શો કોઝ નોટીસને સ્થગિત કરાવેલ હતી. વર્ષ ૨૦૦૨ માં રજીસ્ટર કરાવેલ દૂધ સંઘના સ્થાપક ચેરમેન માન. દિલીપભાઈ સંઘાણી સાહેબ બન્યા. અમર ડેરીનુ દૂધ શીત કેન્દ્ર (ચિલીંગ સેન્ટર) માટે વર્ષ ૨૦૦૫ માં માન. દિલીપભાઈ સંઘાણી સાહેબના હસ્તે ભુમિપુજન કરવામાં આવેલ હતુ અને તા. ૪-૯-૨૦૦૭ ના રોજ અમર ડેરીને કાર્યરત કરવામાં આવી. પ્રથમ દિવસે અમર ડેરીમાં ૨૬ દૂધ મંડળીઓ થકી ૧૨૦૦ લીટર દૂધ સંપાદન થયુ હતુ. અમર ડેરી દ્વારા દૂધ સંપાદનની કામગીરી શરૂ થયા બાદ સરકારશ્રીના કાયદા મુજબ અમુલ સભ્ય પદ આપતુ ન હતુ જેથી સંઘ દ્વારા અમર દૂધના બ્રાન્ડીંગ થી દૂધ વેચાણ કરતુ હતુ. થોડા સમય બાદ સંઘ પર દૂધ સંપાદન વધતુ જતુ હતુ પરંતુ વેચાણ ઓછુ હતુ આ ઉપરાંત દૂધ ની ક્રીમ, માખણ અને ઘીનો સ્ટોક થવાથી દર ૧૦ દિવસે પશુપાલકોને તેમના દૂધના નાણા ચુકવવામાં અગવડતા

ઉભી થવા લાગી તે સમયે માન. દિલીપભાઈ સંઘાણી સાહેબ કે જે જિલ્લા બેંકના ચેરમેન અને દૂધ સંઘના પણ ચેરમેન હતા પરંતુ આર.બી.આઈની ગાઈડલાઈન મુજબ રૂ. ૨૫ લાખથી વધુ લોન સંઘને મળી શકે તેમ ન હતી. એક સમયે આ સંઘને બંધ કરવો પડે તેવી સ્થિતી આવી પડેલ હતી તેવા સંજોગોમાં આ સહકારી પ્રવૃતિ જીવંત રાખવા, પશુપાલકોને રોજગારી અને દૂધના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે માન. દિલીપભાઈ સંઘાણી સાહેબે રૂ. ૩૫ લાખ વગર વ્યાજે જોખમ કરી આ સંઘને જીવનદાન આપ્યુ છે. ત્યાર બાદ માન. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ધારાસભ્ય બની કેબિનેટ મંત્રી તરીકે ૧૧ પ્રોટફોલીયા ધરાવતા મંત્રી બન્યા બાદ અમર ડેરીનુ અમુલ સાથે જોડાણ થઈ શક્યુ હતુ અને કાયમી સભ્ય પદ મેળવેલ હતુ.

- **સંઘની ટાઈમલાઈનઃ**

સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં રાજકોટ અને સુરેન્દ્રનગર એમ બે દૂધ સંઘો કાર્યરત હતા અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં નવા દૂધ સંઘો બનાવવા માટે સરકારશ્રીની પાબંધી હતી આ બાબત મંત્રી તરીકે તેમની જાણ માં આવતા આ સઘળી હકિકત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદી સાહેબના ધ્યાને લાવેલ કે ગુજરાતના સમતોલ વિકાસ થાય અને પશુપાલન થકી રોજગારી મળી રહે તે માટે ફકત ગુજરાત વિસ્તારમાં વિકસેલ દૂધ સંઘોની જેમ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં નવા દૂધ સંઘો બનાવી તે વિસ્તારના પશુપાલકોને થતો અન્યાય દૂર કરવા આ કાયદો રદ કરવો જરૂરી હોય તે સમયે માન. નરેન્દ્રભાઈ મોદીએ આ કાળો કાયદો રદ કર્યો હતો અને ત્યાર બાદ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં નવા દૂધ સંઘોની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત નવા દૂધ સંઘો સ્થાપવા, કાર્યરત કરવા અને વાયેબલ કરવા માટે ફંડની જરૂરિયાત ધ્યાનમાં રાખી તે જ સમયે રાજય સરકારશ્રી તરફથી રૂ. ૫૦ લાખનો શેરફાળો આપવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ હતી. માન. દિલીપભાઈ સંઘાણી સાહેબ દ્વારા નવા સ્થપાયેલ દૂધ સંઘોને કાર્યરત કરવા, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપ કરવા અને વાયેબલ કરવા માટે જરૂરી ગ્રાંટની મદદ કરવા માટે ભારત અને રાજય સરકારાના આર.કે.વી.વાય યોજના માં માન. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ના ધ્યાને મુકીને આ પ્રોજેકટો મંજુર કરવામાં આવ્યા અને નવા સ્થપાયેલ દૂધ સંઘોને ખુબ સારી રીતે મદદ કરવામાં આવી અને પહેલી વખત દૂધ સંઘોને રાજય સરકારના સ્ટેટ બજેટ માંથી નવા સ્થપાયેલ દૂધ સંઘોને રૂ. ૨ કરોડ ફંડ સહાયરૂપે આપવામાં આવેલ છે. જે અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત હતુ. આ રીતે આખા સૌરાષ્ટ્રમાં દૂધ સંઘો કામ કરતા થયા. આ તમામ દૂધ સંઘો માટે બી.એમ.સી સેન્ટરો સ્થાપવા માટે, ગ્રાહક અને સંઘ વચ્ચે વિશ્વનીયતા વધે અને ગ્રાહકનુ શોષણ ન થાય તે માટે એ.એમ.સી.એસ સિસ્ટમ દરેક મંડળી પર મુકવા માટે રાજય સરકારની વિવિધ યોજનાઓમાં મદદ કરવામાં આવી.

- **દાણ ફેક્ટરીઃ (૩૦૦ મે.ટન પ્રતિ દિન)**

દૂધ ઉત્પાદકોના પશુઓની તંદુરસ્તી, દૂધ ઉત્પાદકતા, ફેટ અને એસ.એન.એફના પ્રશ્નોના નિરાકરણ માટે માન. દિલીપભાઈ સંઘાણી સાહેબે વેટરનરી અને કૃષિ તજજ્ઞો સાથે પરામર્શ કરી અમરેલી જિલ્લાની જમીન, પશુઓ અને ઘાસચારાની લેબ કરાવી તેમા ખુટતા પોષક તત્વોની ઉણપ પુરી કરવા અને પશુઓને સમતોલ પશુ આહાર વ્યાજબી ભાવે મળી રહે તે માટે દાણ ફેકટરી બનાવી જરૂરી હોય તે સમયે સરકારશ્રીના સ્ટેટ બજેટ માંથી રૂ. ૨૫ કરોડની સહાય ફાળવી આપેલ હતી જેના લીધે સંઘ દ્વારા રૂ. ૭૦ કરોડના ખર્ચે ૩૦૦ મે.ટન પ્રતિ દિન ક્ષમતા ધરાવતી દાણ ફેકટરી કાર્યરત કરેલ છે. જેમાં સંઘ દ્વારા પશુપાલકોને પ્રતિ બેગ રૂ. ૧૫૦/- સબસિડી આપી વ્યાજબી ભાવે પશુપાલકોને ઘર બેઠા દાણ પહોચતુ કરવામાં આવે છે.

- **દૂધ પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટઃ (૨ લાખ લીટર પ્રતિ દિન)**

માન. દિલીપભાઈ સંઘાણી સાહેબના માર્ગદર્શન હેઠળ સંઘને ૨ લાખ લીટર પ્રતિ દિન ક્ષમતાવાળો દૂધ પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટ સ્થાપવા માટે સંઘે ૧૩૦ વીઘા જમીન ખરીદી કરી રૂ. ૨૦ કરોડના ખર્ચે સિવિલ કામ કરવામાં આવેલ હતુ અને પ્લાન્ટની મશીનરી માટે આર.કે.વી.વાય યોજના માં રૂ. ૩૦ કરોડ મંજુર કરવામાં આવેલ હતા જેમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૨ કરોડ ફાળવવામાં આવેલ હતા. આ પ્લાન્ટનુ ભુમિપુજન માન. દિલીપભાઈ સંઘાણી સાહેબના વરદ હસ્તે કરવામાં આવેલ હતુ. આ પ્લાન્ટનુ ઈન્સટોલેશન કામ પૂર્ણ થયુ ને પ્લાન્ટ પર વોટર ટ્રાઈલ શરૂ હોય તે સમયે તા. ૨૪-૬-૨૦૧૫ ના રોજ ભારે પૂર હોનારત આવવાના લીધે પ્લાન્ટ ૧૪ ફુટ ઉધી પાણીમાં ગરકાવ થયેલ હતો. હવે પ્લાન્ટ શરૂ થશે કે કેમ તેવા સવાલો ઉભા થયા તેવા સમયે આદરણીય દિલીપભાઈ સાહેબ અને આદરણીય રૂપાલા સાહેબના હિમંત અને આશ્વાશનના કારણે પ્લાન્ટને કાર્યરત કરવામાં આવ્યો. સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌ પ્રથમ ૨ લાખ લીટર ક્ષમતા ધરાવતો ફુલ્લી ઓટોમેટિક દૂધ પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટ અમર ડેરી દ્વારા સ્થાપવામાં આવેલ છે. આ પ્લાન્ટ પર અમુલ બ્રાન્ડ હેઠળ દૂધ, ઘી, છાશ અને દહીં પ્રોડક્ટ પેક કરવામાં આવે છે. તા. ૧૭-૯-૨૦૧૭ ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કરકમળો દ્વારા આ પ્લાન્ટનુ લોકાર્પણ કરવામાં આવેલ હતુ. આ સમયે આઈસક્રીમ પ્લાન્ટ તથા મધમાખી ઉછેર માટેના ખેડુત તાલીમ કેન્દ્રનુ ભુમિપુજન પણ માન. વડાપ્રધાન શ્રીના કરકમળો દ્વારા કરવામાં આવેલ અને તેમના સ્વ મુખે થી આ બંને પ્લાન્ટ માટે રૂ. ૪૦

કરોડની સહાય જાહેર કરેલ હતી.

- **૧૦ હજાર લીટર ક્ષમતાવાળો આઈસક્રીમ પ્લાન્ટઃ**

સૌરાષ્ટ્ર વિસ્તાર અમુલ આઈસક્રીમ બનાવવા માટે એક પણ પ્લાન્ટ ન હોવાથી ઉનાળાની સિઝનમાં ઉચ્ચ ગુણવત્તાવાળા અમુલ આઈસક્રીમ ની ડિમાન્ડ હોય પરંતુ તે પુરતા જથ્થામાં મળતો ન હોવાથી અમર ડેરી દ્વારા ગ્રાહકોની જરૂરિયાત પુરી કરવા અને દૂધની વેલ્યુ એડીશન કરવા માટે ૧૦ હજાર લીટર (વિસ્તરણ ૨૦ હજાર લીટર) ક્ષમતા ધરાવતો ફુલ્લી ઓટોમેટેડ પ્લાન્ટ સ્થાપવા માટે આર.કે.વી.વાય યોજના હેઠળ રૂ. ૨૮ કરોડનો પ્રોજેકટ રજુ કરેલ જેમાંથી રૂ. ૧૧ કરોડ સહાય પેટે મંજુર કરવામાં આવેલ હતા. હાલ આ પ્લાન્ટ નુ ઈન્સ્ટોલેશન નુ કામ શરૂ છે. ટુંક સમયમાં આ પ્લાન્ટનુ ઈનોગ્રેશન કરવામાં આવશે.

- **મધમાખી ઉછેર અને મધ ઉત્પાદન અંગેનુ તાલીમ કેન્દ્રઃ**

અમર ડેરી ફકત દૂધ ઉત્પાદન કે સંપાદન સુધી સિમિત રહી કામ કરવાની જગ્યાએ ખેતી, પશુપાલન અને મધ ઉત્પાદન થકી ખેડુતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોતાહિત કરવા સંઘ દ્વારા મધમાખી ઉછેર માટે રૂ. ૭.૫ કરોડના ખર્ચે ખેડુત તાલીમ કેન્દ્ર સ્થાપવામાં આવેલ છે જેમાં તાલીમ માટે આવેલ ખેડુતોને રહેવા તથા જમવાની અધ્યતન સુવિધાઓ છે. આ ઉપરાંત ૩૦ વીઘા જમીનમાં મધમાખીને ઉપયોગી એવા ૧૦ હજાર ફળઝાડ અને આયુર્વેદિક ઝાડનુ ફાર્મ તૈયાર કરેલ છે. ખેડુતો ખેતી, પશુપાલન અને મધ ઉત્પાદન થકી પ્રધાનમંત્રીશ્રીના ખેડુતોની આવક બમણી કરવાના સ્વપ્ન ને સાકાર કરવા પ્રયાણ કરી રહ્યા છે. અમર ડેરી દ્વારા જિલ્લામાં તાલીમો યોજી કુલ ૧૦૦૦ થી વધારે ખેડુતોને તાલીમ આપવામાં આવેલ છે આ તાલીમ પામેલ ખેડુતોનુ ઉત્પાદિત થયેલ મધ ખરીદી કરી વેચાણ કરવા માટે ‘‘અમર હની’’ પ્રોડકટ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી માન. અમિતભાઈ શાહ સાહેબના વરદ હસ્તે લોન્ચ કરવામાં આવેલ છે. સંઘ હાલ વાર્ષિક ૨૦૦૦ કિલો મધનુ ઉત્પાદન કરે છે આ મધ ને પ્રોસેસ તથા પેકિંગ કરવા માટે મધ પ્રોસેસિંગ તથા પેકિંગ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

- **ગીર ગાયના સંવર્ધન માટે સેન્ટર ઓફ એકસેલેન્સઃ**

માન. તત્કાલીન કેન્દ્રીય મંત્રી આદરણીય પરશોત્તમભાઈ રૂપાલા સાહેબ દ્વારા રાજયમાં અને દેશમાં પશુપાલકોને શ્રેષ્ઠ નસ્લ દ્વારા દૂધ ઉત્પાદક ક્ષમતા વધારવા માટે માન. વડાપ્રધાનશ્રી સાથે પરામર્શ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની દૂનિયામાં વખણાતી ગીર ગાયની નસ્લ સુધારણા માટે અમરેલી અમર ડેરી ખાતે સેન્ટર ઓફ એકસેલન્સ તથા ઈ.ટી આઈ.વી.એફ લેબોરેટરી સ્થાપવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. આ સેન્ટર માટે અમર ડેરી દ્વારા ૮૫ વીઘા જમીન ખરીદી ૧૦૦ કરોડના ખર્ચે આ પ્રોજેકટ સ્થાપવામાં આવી રહ્યો છે. આ સેન્ટરનુ ભુમિપુજન તત્કાલીન કેન્દ્રીય મંત્રી માન. પરશોત્તમભાઈ રૂપાલા સાહેબ, ઈફકો, એન.સી.યુ.આઈ ના ચેરમેન માન. દિલીપભાઈ સંઘાણી સાહેબ અને માન. શિક્ષણ મંત્રીશ્રી (રાજયકક્ષા) ગુજરાત રાજય, માન. પ્રફુલભાઈ પાનશેરિયા સાહેબના કરકમલો દ્વારા કરવામાં આવેલ હતુ. આ પ્રોજેકટ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૮૩ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. હાલ આ પ્રોજેકટનુ ૮૦% કામ પૂર્ણ થયેલ છે. ટુંક સમયમાં આ સેન્ટરનુ લોકાર્પણ કરવામાં આવશે. આ સેન્ટર સ્થપાઈ રહ્યો છે તે સમય દરમિયાન અમર ડેરી ખાતે દેશમાં સૌ પ્રથમ વાર ઈ.ટી આઈ.વી.એફ મોબાઈલ વાન શરૂ કરવામાં આવી જેના દ્વારા પશુપાલકોના ઘરે જઈ એમ્બ્રિઓ (ભ્રુણ) ટ્રાન્સપ્લાન્ટ ની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ એમ્બ્રિઓ ટ્રાન્સપ્લાન્ટનો કુલ ખર્ચ રૂ. ૨૧૦૦૦/- થાય છે જે માટે ભારત સરકાર તરફથી રૂ. ૫૦૦૦/- અમુલ ફેડરેશન દ્વારા રુ. ૫૦૦૦/- અને બાકી રહેતા રૂ. ૧૧૦૦૦/- નો ખર્ચ પશુપાલકો વતી અમર ડેરી દ્વારા ભોગવી પશુપાલકોને ૧૦૦% ફ્રી ઓફ ચાર્જ આ કામકાજ શરૂ કરવામાં આવેલ છે.જેની ફલશ્રુતિ સ્વરૂપે અમરેલી જિલ્લામાં કુલ ૫૧ ગાયો ગાભણ થયેલ છે અને ૩૦ બચ્ચાનો જન્મ થઈ ચુક્યો છે. જયારે અમર ડેરીના ફાર્મ પર રાખેલ ૧૫ ગાયો માંથી ૫ બચ્ચા જન્મી ચુક્યા છે. અમર ડેરી દ્વારા આ એમ્બ્રિઓ શોર્ટેડ સેક્સડ સિમેન થી બનાવેલ હોય જેથી જે બચ્ચુ જન્મે તે વાછરડી જ જન્મે જેથી આખલાનો પ્રશ્ન પણ દુર થાય છે. હાલ પશુપાલકોના ઘરે જન્મેલ બચ્ચાઓનુ જો પશુપાલકોને વેચાણ કરવા હોય તો અમર ડેરી રૂ. ૫૦ હજારના ભાવે ખરીદી કરવામાં આવે છે. લોકોમાં અવેરનેસ હોય જેથી કોઈ પશુપાલક આ અસલ નસ્લ નુ બચ્ચુ વેચવા માટે તૈયાર નથી. જો સરકારશ્રી દ્વારા ગાયોના નિભાવ માટે જરૂરી મદદ કરે તો શુધ્ધ નસ્લની જાળવણી સાથો સાથ દૂધ શ્રેત્રે ઝડપથી ક્રાંતિ લાવી શકાય તેવુ સરસ કામ થઈ રહ્યુ છે. ગત વર્ષે ગુજરાત રાજયના માન. ગવર્નર સાહેબ મહામહિમ શ્રી આચાર્ય દેવવ્રત સાહેબ દ્વારા ગીર ગાય સંવર્ધન કેન્દ્રની મુલાકાત લઈ થયેલ કામગીરીની પ્રશંસા કરેલ છે. સેન્ટર ઓફ એકસેલેન્સ ખાતે રાખવા માં આવેલ ગાયોના ગોબર માંથી બાયોગેસ બનાવવામાં આવશે અને જે ગોબરની સ્લરી નીકળશે તે માંથી ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવશે. જે રીતે સંઘ પશુપાલકો પાસેથી દુધ ખરીદી કરે છે તે રીતે આવતા ભવિષ્યમાં ગોબરની ખરીદી કરી પશુપાલકોને આવકનો નવો સ્ત્રોત પુરો પાડશે.

- **સંઘનો પ્રોગેસઃ**

- એક સમયે ૧૨ મંડળી થી શરૂ થયેલ અમર ડેરી હાલ ૫૧૯ મંડળી થી દૂધ સંપાદન કરે છે.
- પ્રથમ દિવસે ૧૨૦૦ લીટર દૂધ ની આવક થી હાલ પ્રતિ દિન ૨ લાખ લીટર દૂધ સંપાદન કરે છે.
- અમરેલી જિલ્લામાં દૂધ સંપાદન થકી આશરે દર ૧૦

દિવસે રૂ. ૧૪ કરોડ, મહિને રૂ. ૪૨ કરોડ અને વાર્ષિક રૂ. ૫૦૦ કરોડ જેવી માતબર રકમ પશુપાલકોને મળતી થઈ.

- કોરોના જેવી મહામારીમાં દૂધના પ્રાઈવેટ વેપારીઓ તથા માહિ મિલ્ક પ્રોડયુસર કંપની જેવી એજન્સીઓ દૂધ લેવાનુ બંધ કરેલ જેની સામે અમર ડેરી દ્વારા તમામ ખેડુતોનુ દૂધ એક દિવસ પણ દિવસની રજાના રાખ્યા વગર દૂધ સંપાદન કરીને તમામ પશુપાલકો ને આવક પુરી પાડેલ છે.
- અમર ડેરી સાથે જિલ્લાની ૫૧૯ દૂધ સહકારી મંડળીઓ થકી ૩૫ હજાર પશુપાલકો જોડીને ગ્રામ્યકક્ષાએ રોજગારી મેળવી રહ્યા છે. અ સિવાય સંઘ ખાતે કર્મચારીઓ, લેબરો, રૂટ કોન્ટ્રાકટરો વિ. મળીને ૨૦૦૦ લોકો સીધી રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે.
- કોસ્ટ ઓફ મેનેજમેન્ટ: પ્રતિ ૧ રૂપિયાની આવક માંથી ૮૩ પૈસા ખેડુતોને પરત આપી ૧૭ પૈસામાં સંસ્થા ચલાવવામાં આવે છે.

**સિધ્ધીઓ:**

- ઈ.ટી.પી: (ઈફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ):રાજયની પ્રથમ ડેરી છે કે જે કોઈ કેમિકલના વપરાશ વગર ફકત બેકટેરિયાના ઉપયોગ થી પાણીનુ શુધ્ધિકરણ કરવામાં આવે છે અને પર્યાવરણની જાળવણી કરવામાં આવે છે. તે બદલ મુબંઈ ખાતે આઈ.ડી.એ દ્વારા ડેરી એકસેલન્સ એવોર્ડ મળેલ છે.
- જી.પી.સી.બી: ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ કલેકશનમાં ગુજરાતમાં પ્રથમ નંબરનુ સ્થાન પ્રાપ્ત કરી માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે એવોર્ડ પાપ્ત કરેલ છે.
- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ભાવનગર દ્વારા આયોજિત સ્વચ્છતા પખવાડીયા ભાવનગર ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ત્રીજી સ્થાન મેળવીને એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.
- બી.આઈ.એસ (બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ):બી.આઈ.એસ. સ્ટાન્ડર્ડ જાળવી રાખી અને તાલીમ આપવા બદલ એપરિશિયેશન એવોર્ડ મેળવેલ છે.
- વૃક્ષારોપણ: પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે તમામ દૂધ મંડળી અને ડેરી પ્લાન્ટ ખાતે નોન ફ્રુટ અને ફ્રુટના ઝાડનુ વિતરણ કરી વાવેતર કરવામાં આવે છે. છેલ્લા વર્ષમાં સંઘ દ્વારા અંદાજિત ૧.૯૪ લાખ વૃક્ષોનુ વાવેતર કરેલ છે.
- રેડ ટેગ ડે:માન. પ્રધાનમંત્રીના 'સ્વચ્છ ભારત અભિયાન' અનુસંધાને દર વર્ષે ગાંધી જયંતિના (૨જી ઓકટોબર) દિવસે દૂધ મંડળીઓ પર સ્વચ્છતા અને સ્વચ્છ દૂધ ઉત્પાદન ને પ્રોત્સાહન આપવા માટે હરિફાઈ કરીને ઈનામ વિતરણ કરવામાં આવે છે.
- જી.એસ.ટી: અમર ડેરીની જી.એસ.ટી ટેક્ષ અંગેની શ્રેષ્ઠ કામગીરી માટે જી.એસ.ટી કાઉન્સીલ નવી દિલ્હી દ્વારા એપરિસિયેશન એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.
- સહકારના સાત સિધ્ધાંતો પૈકીનો એક સિધ્ધાંત સોસિયલ ઓબલીગેશન (સામાજીક ઉતરદાયિત્વ)ને ખરા અર્થેમાં સાકાર કરવા અમરેલી જિલ્લાના સ્વપ્નદ્રષ્ટા અને દિઘર્દ્રષ્ટ્રા પરમ આદરણીય શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબની દિઘર્દ્રષ્ટીના કારણે અમરેલી જિલ્લા બેંક દ્વારા અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અમર ડેરીની સ્થાપના કરવામાં આવેલ જેના કારણે હજારો પશુપાલક મહિલાઓ રોજગારીનુ કેન્દ્ર બન્યુ છે. જેથી સહકાર થી સ્વરોજગાર અને સ્વરોજગાર થી આત્મનિર્ભર અને માન. પ્રધાનમંત્રીના સ્વપ્ન મુજબ ખરા અર્થમાં સહકાર થી સમૃધ્ધિ ના સુત્રને સાર્થક કરવામાં આવેલ છે.

**મહાનુભાવો દ્વારા થયેલ વિવિધ ભુમિપુજન અને ઉદઘાટનો**

- સંઘની સ્થાપના: તા. ૧૫-૭-૨૦૦૨
- ખાત મુર્હત: તા. ૨૬-૮-૨૦૦૫, જન્માષ્ટમી, માન. શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબના હસ્તે.
- ઉદઘાટન: તા.૩-૯-૨૦૦૭ જન્માષ્ટમીના દિવસે, માન. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણ અને મહેસુલ મંત્રીશ્રી ગુ.સ)
- નવા ડેરી પ્લાન્ટ નુ ઉદઘાટન: તા. ૧૭-૯-૨૦૧૭, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે
- દાણ ફેકટરી ઉદઘાટન: તા. ૧૭-૯-૨૦૧૭, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે
- મધમાખી ઉછેર અને તાલીમ કેન્દ્ર તથા આઈસક્રીમ પ્લાન્ટ ભુમિપુજન: તા. ૧૭-૯-૨૦૧૭, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે
- બાપપાસ પ્રોટીન પ્લાન્ટ ઉદઘાટન: તા. ૧૦-૮-૨૦૧૯ માન. કેન્દ્રિય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર સાહેબના વરદ હસ્તે
- મિનરલ મિક્ષર પ્લાન્ટ ઉદઘાટન: તા. ૧૦-૮-૧૯, માન. કેન્દ્રિય કેબિનેટ મંત્રીશ્રી (ડેરી, પશુપાલન અને મત્સ્ય) શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબના વરદ હસ્તે.
- 'અમર મધ' (હની) નુ લોન્ચીંગ: તા. ૧૧-૯-૨૦૨૨, માન. કેન્દ્રીય ગૃહ અને પ્રથમ સહકારીતા મંત્રી શ્રી

અમિતભાઈ શાહ સાહેબના વરદ હસ્તે

- અમર ચિલેટેડ મિનરલ મિક્ષર લોન્ચીંગઃ તા. ૧૧-૯-૨૦૨૨, માન. કેન્દ્રીય ગૃહ અને પ્રથમ સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના વરદ હસ્તે
- સેન્ટર ઓફ એકસેલેન્સ નુ ભુમિપુજનઃ તા. ૨૪-૯-૨૦૨૩, માન. કેન્દ્રિય કેબિનેટ મંત્રીશ્રી (ડેરી, પશુપાલન અને મત્સ્ય) શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબના વરદ હસ્તે.
- ઈ.ટી. આઈ.વી.એફ લેબોરેટરીનુ શિલાન્યાસઃ તા.૨૪-૯-૨૦૨૩, માન. દિલીપભાઈ સંઘાણી સાહેબ (ચેરમેનશ્રી, એન.સી.યુ.આઈ., ઈફકો, ગુજકોમાસોલ) ના વરદ હસ્તે
- વર્મી કમ્પોસ્ટ અને બાયોગેસ પ્લાન્ટનો શિલાન્યાસઃ તા.૨૪-૯-૨૦૨૩, માન. શિક્ષણ મંત્રીશ્રી (રાજયકક્ષા) ગુજરાત રાજય, માન. પ્રફુલભાઈ પાનશેરિયા ના વરદ હસ્તે
- ગત વર્ષે ગુજરાત રાજયના માન. ગવર્નર સાહેબ મહામહિમ શ્રી આચાર્ય દેવવ્રત સાહેબ દ્વારા ગીર ગાય સંવર્ધન કેન્દ્રની મુલાકાત લીધેલ છે.
- આ ઉપરાંત સંઘની વાર્ષિક સાધારણ સભાઓમાં ગુજરાત રાજયના પૂર્વ ગવર્નર મહામહિમ શ્રી ઓ.પી.કોહલી સાહેબ, પૂર્વ મુખ્ય મંત્રી માન. શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ, પૂર્વ કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી માન. શ્રી રાધા મોહન સિહ સાહેબ, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી માન. શ્રી રાજનાથ સિંહ સાહેબ ઉપસ્થિત રહી સંઘને પ્રોત્સાહિત કરેલ છે.

# સિક્કિમ રાજ્યના પાટનગર ગંગટોક ખાતે NCUI દ્વારા સહકારીતા સંવર્ધન વિકાસ પરિષદ યોજાઈ









સિક્કિમના સહકાર મંત્રીશ્રી અરૂણકુમાર ઉપ્રેતિ, ચંદ્રપાલસિંહ યાદવ, સિકિકમ વિધાનસભાના ઉપાધ્યક્ષા રાજકુમારી થાપા, સિક્કિમ સ્ટેટ કો.–ઓપ. યુનિયનના અધ્યક્ષ મંગલજીત રાય, સહકારીતા સચિવ સુ.શ્રી ગ્લોરીયા નામચુ, એન.સી.યુ.આઈ. ગર્વનીંગ કાઉન્સીલના સભ્યશ્રીઓ સહિત ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતી દેશના વિકાસનું પ્રમુખ પીઠબળ કૃષિ અને સહકાર ને દેશના પ્રવાસન ક્ષેત્ર એવા સિક્કિમ રાજયના વિકાસમા મહત્વની ભૂમિકા નિભાવવા તત્પર છે તેમ ભારત દેશના ઠંડા સરહદી પ્રદેશના પાટનગર ગંગટોક ખાતે એનસીયુઆઈ આયોજીત સહકારીતા સંવર્ધન કાર્યશાળાને સંબોધતા અધ્યક્ષશ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યુ હતું. તેઓએ વધુમા જણાવેલ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી અમીતભાઈ શાહ સહકારી પ્રવૃતિ વધુમા વધુ લોકભોગ્ય અને સક્ષમ બને, તંદુરસ્ત ખેત ઉત્પાદન મેળવે, જમીન સરાયણમૂકત બને તે દિશામા અસરકારક પહેલ કરવાપર ભાર મૂકયો હતો, સહકારીતા સંવર્ધન વિકાસ પરિષદનું ઉદ્ઘાટન સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ દ્વારા કરવામા આવેલ આ તકે સિક્કિમના સહકાર મંત્રી અરૂણકુમાર ઉપ્રેતિ, ચંદ્રપાલસિંહ યાદવ, સિકિકમ વિધાનસભાના ઉપાધ્યક્ષા રાજકુમારી થાપાના અભિવાદન સાથે, સિક્કિમ સ્ટેટ કો.–ઓપ. યુનિયનના અધ્યક્ષ મંગલજીત રાય, સહકારીતા સચિવ સુ.શ્રીગ્લોરીયાનામચુ, એન.સી.યુ.આઈ. ગર્વનીંગ કાઉન્સીલના સભ્યશ્રીઓ સહિત ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતી. સંઘાણી એ વધુમા જણાવેલ કે, સિક્કિમ ક્ષેત્રના વિકાસમા સહકારને સામેલ કરી કૃષિ, પશુપાલન, પ્રવાસન અને આત્મનિર્ભરયોજનાઓનેગતીશિલ બનાવવા આહ્વાન કરવા સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્ર "સહકાર થી સમૃધ્ધિ" તરફ આગળ વધવા સંઘાણીએ જણાવ્યું હતું. સહકારીતા સંવર્ધન કાર્યશાળા કાર્યક્રમમા શ્રી દિલીપ સંઘાણી પ્રદેશોમાં ચાલતી વિવિધ સહકારી પ્રવૃતિઓની સવિષેશ જાણકારી મેળવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, સિક્કિમ ક્ષેત્રમા સહકારી પ્રવૃતિ પણ સારો વિકાસ જોઈ રહી છે અને તેથી તે દિશામા સહકારી સંવર્ધન કાર્યશાળાઓ અગ્રીમ ભૂમિકા નિભાવશે તેવો એકસુર વ્યકત થયો હતો.

# શ્રી દિલીપ સંઘાણી ની માળીલા સેવા સહકારી મંડળીથી ઈફકોના ચેરમેન સુધીની સફર



શ્રી દિલીપ સંઘાણીનો જન્મ અમરેલી જીલ્લાનાં ચલાલા ગામે ખેડૂતને ઘેર થયો હતો. તેઓએ કોલેજ શિક્ષણ અમરેલીમાં તેમજ કાયદાનું (એલ.એલ.બી.) નું શિક્ષણ રાજકોટ લીધેલ હતુ. નાનપણમાં જ લીડરશીપનાં ગુણને કારણે કોલેજમાં જી.એસ. તરીકે ચુંટાઈ આવતા. તેઓએ બી.એ., બી.કોમ. અને એલ.એલ.બી. ની ડીગ્રી મેળવ્યા બાદ વકીલાતની કામગીરી શરૂ કરી. સાથે સાથે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તથા ભારતીય જનસંઘમાં જોડાઈ યુવાન વયે જ લોકોનાં કામો કરવા માટે પાયાનાં પથ્થર તરીકેની વિદ્યાર્થી પરિષદમાં કામગીરી કરી. સને ૧૯૮૦ માં વિધાનસભા હાર્યા પછી સતત સક્રીય રહી સને ૧૯૮૫માં તેઓ અમરેલી વિધાનસભાની ચુંટણી જીતી વિધાનસભ્ય બન્યા. ૧૯૯૦ માં ફરી એમ.એલ.એ. બન્યા અને ફીશરીઝ (સ્વતંત્ર હવાલો), જેલ તેમજ રોડ અને બિલ્ડીંગ (આર. એન્ડ બી.) મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો. સને ૧૯૮૬માં અમરેલી નગરપાલીકાનાં પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો. સને ૧૯૯૧માં તેઓ પ્રથમ વખત લોકસભાની અમરેલી બેઠક ઉપર ચુંટાઈ ૧૦મી લોકસભાનાં સભ્ય બન્યા. ત્યારબાદ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯ માં ૧૧મી, ૧૨મી અને ૧૩મી લોકસભાનાં સભ્ય બન્યા. સને ૨૦૦૭માં ફરી અમરેલી વિધાનસભામાં ચુંટાઈ કેબીનેટ મીનીસ્ટર બન્યા. જેમા તેઓએ માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં એગ્રીકલ્ચર, કો—ઓપરેશન, એનીમલ હસબન્ડ્રી, ફીશરીઝ, કાઉ બ્રીડીંગ, જેલ, કાયદો અને ન્યાય, વૈધાનીક અને સંસદીય બાબતો જેવા અગત્યનાં ખાતાઓનો હવાલો સંભાળ્યો. હમેંશા બીજાને મદદરૂપ થવાનો ગુણ ધરાવતા શ્રી દિલીપ સંઘાણીએ ખેડૂતોનાં હિત માટે સહકારી ક્ષેત્રમાં ઝંપલાવ્યું. માળીલા સેવા સહકારી મંડળીમાં તેઓ સભ્ય બન્યા. ચિતલનાં સહકારી અગ્રણી શ્રી ડાયાભાઈ હિરાણીએ સહકારી મંડળીમાં સભ્ય બનાવ્યા. આ ઉપરાંત અમરેલી જીલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર (અપના બજાર) માં ૧૯૯૧માં ચેરમેન બન્યા. નાના લોકોને ધિરાણ મળી રહે તે હેતુસર સંઘાણી શરાફી સહકારી મંડળીની સ્થાપના કરી. સને ૧૯૯૫માં તેઓએ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનું સુકાન સંભાળ્યુ અને બેંકને પ્રગતિનાં પંથે લઈ ગયા જેના કારણે ખેડૂતોને ૧૮% વ્યાજ દરથી મળતુ પાક ધિરાણ આજે ઝીરો ટકા વ્યાજ દરે મેળવી રહેલ છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેન બન્યા બાદ ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંકનાં ડાયરેકટર બન્યા અને સાથો સાથો ૧૯૯૬થી એન.આઈ.સી.એમ. ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટમાં ડાયરેકટર તરીકેની જવાબદારી સંભાળી. સહકારી ક્ષેત્રની સારી કામગીરીને કારણે કૃભકો તરફથી તેઓને ‘‘સહકાર શિરોમણી’’ એવોર્ડથી નવાજવામાં આવ્યા. જીલ્લાનાં લોકોને રોજગારી કઈ રીતે આપી શકાય તે માટે હંમેશા ચિંતા કરતા શ્રી દિલીપ સંઘાણીએ સને ૨૦૦૨ માં અમરેલી જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી અને અનેક અડચણો વચ્ચે સને ૨૦૦૭માં અમર ડેરી નાં નામથી ડેરી કાર્યરત કરી. તેઓએ અમરેલી જીલ્લા દુધ સહકારી સંઘમા મંડળીઓ દ્વારા રોકાયેલ શેર મુડી બેકનાં નફામાંથી રીડમ્પશન ફંડ તરીકે પરત કરી વિશ્વસનીયતાનું ઉતમ ઉદાહરણ પુરુ પાડેલ છે. આ ડેરી આજે અમરેલી જીલ્લાનાં અનેક લોકોને રોજગારી પુરી પાડી રહી છે. બેંક સાથે સંયોજીત દેવભુમિ કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ કો. ઓપરેટીવ સોસાયટી ફડચામાં ગયેલ. પરંતુ બેંકનાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીએ આ યુનિટ ભાડે આપી આવક ઉભી કરવાનો ઐતિહાસીક અને ગૌરવશાળી નિર્ણય લઈ સોસાયટીનાં તમામ સભાસદોને શેરમુડી પરત કરેલ છે ઉપરાંત સરકારનું લ્હેણુ પણ ભરપાઈ કર્યુ. જીલ્લા લેવલે અને રાજય લેવલે સહકારી ક્ષેત્રમાં જવાબદારી સંભાળ્યા બાદ નેશનલ લેવલે સૌપ્રથમ મોટી જવાબદારી સંભાળવાનો અવસર મળ્યો. જેમા તેઓ સને ૨૦૧૫માં નેશનલ કો.ઓપરેટીવ ફેડરેશન ઓફ સ્ટેટ કો. ઓપરેટીવ બેંક (નાફસ્કોબ) માં ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા. આજ વર્ષમાં તેઓ નેશનલ કો.ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડીયા (એન.સી.યુ.આઈ.) અને નેશનલ કાઉન્સીલ ફોર કો.ઓપરેટીવ ટ્રેઈનીંગ (એન.સી.સી.ટી.) નાં ડાયરેકટર બન્યા. સને ૨૦૧૬ માં નેશનલ એગ્રીકલ્ચરલ કો.ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લી. (નાફેડ) નાં સીનીયર વાઈસ પ્રેસીડન્ટ બન્યા અને નાફેડને ખોટમાંથી બહાર લાવી નફો કરતી સંસ્થા બનાવવામાં અહમ ભુમિકા ભજવી છે. ગુજરાત લેવલે સૌથી મોટું માર્કેટીંગ ફેડરેશન ગુજકોમાસોલમાં સને ૨૦૧૭માં તેઓ ચેરમેન તરીકે ચુંટાઈ આવ્યા. આજ વર્ષમાં તેઓ ઈન્ડીયન પોટાશ લીમીટેડ (આઈ.પી.એલ.) માં ડાયરેકટર બન્યા. સને ૨૦૧૮નાં વર્ષમાં

ઈફકોની સબસીડીયરી સંસ્થા કો.ઓપરેટીવ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ (કોરડેટ) કે જે ખેડૂતો માટે ટ્રેઈનીંગ અને શિક્ષણની કામગીરી સંભાળે છે તેમનાં ચેરમેન બન્યા. સને ૨૦૧૯માં તેઓ ઈફકોનાં વાઈસ ચેરમેન પદે ચુંટાઈ આવ્યા. ત્યારબાદ તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થા નેટવર્ક ફોર ધી ડેવલપમેન્ટ ઓફ એગ્રીકલ્ચર કો.ઓપરેટીવ ઈન એશીયા પેસીફીક (નેડેક) નાં ચેરમેન બની આંતરરાષ્ટ્રીય લેવલે પ્રતિનિધિત્વ કર્યુ. રાષ્ટ્રીય લેવલની સર્વોચ્ચ સહકારી સંસ્થા એટલે નેશનલ કો.ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડીયા (એન.સી.યુ.આઈ.) માં સને ૨૦૨૧માં તેઓ ચેરમેન બન્યા અને દેશની 'સહકારી સંસ્થાઓને મજબુત કરવાનું બીડુ ઝડપ્યુ. યોગાનુયોગ આજ વર્ષમાં ભારતનાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રમાં સહકાર ડિપાર્ટમેન્ટ સરકાર દ્વારા અલગ બનાવવામાં આવ્યો જેના કેન્દ્રીય સહકાર મીનીસ્ટર તરીકે માન. શ્રી અમિતભાઈ શાહને જવાબદારી સોંપી. આમ કેન્દ્ર સરકાર તરફથી સહકારી પ્રવૃતિને વેગ આપવા માટેનો દુરંદેશી અસરકર્તા નિર્ણય લેવામાં આવ્યો. છેલ્લે સને ૨૦૨૨નાં વર્ષની શરૂઆતમાં જ દુનિયાની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોનાં ચેરમેનપદે બિનહરીફ ચુંટાઈ આવી માત્ર અમરેલી જીલ્લાનું જ નહી પરંતુ સમગ્ર ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યુ છે. હમેંશા ખેડૂતોનાં નેતા તરીકે ઓળખાયા છે તેવા શ્રી દિલીપભાઈ સંઘાણી આજે ગ્રામ્ય લેવલની માળીલા સેવા સહકારી મંડળીથી લઈ જીલ્લા લેવલ, રાજય લેવલ અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય લેવલની સહકારી સંસ્થાઓમાં જુદા જુદા હોદાઓ ઉપર સેવા આપી રહેલ છે ત્યારે ખેડૂતોની સેવા માટે હજુ પણ પ્રગતિ કરે તેવી અમરેલી જીલ્લાનાં ખેડૂતો અને નાગરીકો શુભેચ્છા પાઠવે છે.

# આઈસીએની સામાન્ય સભા યુ.કે.ના મેન્ચેસ્ટર ખાતે ના સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા

## આઈસીએ અધ્યક્ષ એરીયલ ગુઆરકોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ



શકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિ દેશ-દૂનિયાને જોડવાનું કામ કરશે ભારત તરફથી દિલીપ સંઘાણીની મહત્વપુર્ણ ઉપસ્થિતિ

મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (ICA) ની સામાન્ય સભાનું આયોજન થયુ હતુ જેમાં ICA ના અધ્યક્ષ એરીયલ ગુઆરકોની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ મહત્વપુર્ણ સંમેલનમાં ભારત તરફથી દિલીપ સંઘાણી ઉપસ્થિત રહયા હતા. દિલીપ સંઘાણીએ ICA ના અધ્યક્ષ ગુઆરકો સાથે શુભેચ્છા મુલાકાત કરી અને સહકારી ક્ષેત્રના વૈશ્વિક મુદાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો જેમાં ભારતની સહકાર શકિતએ સમગ્ર દેશમાં સહકારી પ્રવૃતિના માધ્યમથી અનેક ક્ષેત્રીય પ્રદેશોમા વિકાસની હરણફાળ ભરી છે આ શકિત, વ્યવસ્થા અને વિકાસની સહકારી પ્રવૃતિના માધ્યમથી દેશ-દૂનિયાને જોડવાનું કામ સહકાર કરશે તેવો આત્મવિશ્વાસ યુ.કે. ના મેન્ચેસ્ટર ખાતે યોજાયેલ આઈસીએની સામાન્ય સભામા આઈસીએના અધ્યક્ષ એરીયલ ગુઆરકો, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી એ સુરવ્યકત કરતા જણાવેલ, ભારતનું પ્રતિનિધિ મંડળ યુ.કે. ના પ્રવાસે છે જેમા સંઘાણી સહિત વિશ્વના વિવિધ દેશોથી આવેલા સહકારી નેતોઓ સામેલ છે. ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવેમ્બર-૨૦૨૪ માં નવી દિલ્હી ખાતે જાહેર કરાએલા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ (International Year of Cooperatives - IYC 2025) ની માહિતી થી સૌને વાકેફ કર્યા હતા. દિલીપ સંઘાણીએ આઈ.સી.એ.ની સામાન્ય સભામા વિશ્વના દેશોથી આવેલા સહકારી નેતાઓ સાથે ભારતમા IYC 2025 ના અન્વયે અમલમાં મુકાયેલા સહકારી પ્રવૃતિ અને યોજનાઓની માહિતી આપી હતી જેમાં ઈફકોની ઉપલબ્ધીઓ, સાથોસાથ ધાન ઉત્પાદનને અગ્રતા આપવાનું પણ ચર્ચામા જણાવાયેલ. સહકારી પ્રવૃતિથી આત્મનિર્ભર બનવા નાગરિકોને તમામ પ્રકારની ટ્રેનીંગ અને માર્ગદર્શન આપવામા આવે છે જેવા વિવિધ મુદાઓની જાણકારી આપવામાં આવી હતી. અત્રે નોંધવુ ઘટયુ હતુ કે આ બેઠકમાં દિલીપ સંઘાણીની હાજરીને વિશેષ મહત્વ મળ્યુ અને તેઓએ ભારતના સહકારી આંદોલનને વૈશ્વિક મંચ પર ઉતમ રીતે રજુ કર્યું હતુ. આ તકે ICA(AP) એશીયાના ચેરમેન ડો.ચંદ્રપાલસિંહ યાદવ, ડો.યુ.એસ. અવસ્થી, ગુજરાત મહિલા ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીના ચેરમેન ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી, ઈફકોના ડાયરેકટર ભાવેશભાઈ રાદડીયા સહિત સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

# ન્યુઝ કવરેજ

## Central Road Transport and Highways in New Delhi influenced by the road and transport development of Gujarat. minister



Greetings from Nitin Gadkari-Dilip Sanghani

New Delhi, Gujarat is actively involved in the road and transport schemes of the entire country. National Gujarat is getting huge benefit from the corridor and hence Gujarat is at the top in development. Everyone is impressed by the development, as Union Road Transport Minister Nitin in New Delhi today Chairman of NCUI, IFFCO and Gujcomasol Dilip Sanghani arrived to greet Gadkari. The meeting with him was mentioned. During the visit, Shri Sanghani highlighted the importance of road capacity and agricultural transportation in the development of Gujarat. Details were given about the work done by cooperative organizations along with trends. He discussed the steps taken in the interest of agricultural producers, the distribution system of fertilizers and seeds and the use of technology. There was a discussion on how to increase the profit from tired farming. Shri Gadkari directed Shri Sanghani for the development of India's agricultural sector and strengthening of the cooperative movement. Congratulated for the contribution and assured cooperation for future projects. Mentioned in the list.

## सहकारिता मंत्रालय की गौरवमयी चार वर्षीय यात्रा

### सहकारिता में 60 से अधिक महत्वपूर्ण पहलें की गई है

सूरत। सहकारिता को लेकर प्रधानमंत्री श्री नरेन्द्र मोदी के सहकार से समृद्धि संकल्प को पूरा करने में केंद्रीय सहकारिता मंत्री श्री अमित शाह ने कोई कसर बाकी नहीं छोड़ी है। नये सहकारिता मंत्रालय के गठन के बाद के इन चार वर्षों में इस क्षेत्र में अभूतपूर्व प्रगति हुई है। श्री शाह के नेतृत्व में जहां सहकारिता की खामियों को चिन्हित कर उन्हें तत्काल दुरुस्त किया गया वहीं सहकारिता को नई दिशा देने के लिए उल्लेखनीय सुधार किए गए हैं। इसे सहकारिता की दूसरी क्रांति कहें तो अतिशयोक्ति नहीं होगा। इस दौरान सहकारिता में 60 से अधिक महत्वपूर्ण पहलें की गई है।

सहकारी संस्थाओं का डेटाबेस तैयार करने में केंद्रीय मंत्री श्री शाह के नेतृत्व में मंत्रालय का अथक परिश्रम सराहनीय रहा है। मॉडल बायलॉज से पैक्स से अपेक्स तक सुधार दिखा है। देश में सहकारिता को हर गांव तक पहुंचाने के लिए कुल दो लाख अतिरिक्त पैक्स के गठन का लक्ष्य निर्धारित किया गया है, जिसमें कृषि, डेयरी और मत्स्य, समक्ष पैक्स शामिल हैं। सहकारिता में पारदर्शिता और कार्यदक्षता लाने के लिए पैक्स कंप्यूटरीकरण को द्रुत गति से लागू किया गया।

सहकारिता के पुनरोद्धार का कार्य श्री शाह ने राज्यों को साथ लेकर पूरा किया। पुराने पड़ चुके सहकारी कानूनों में यथोचित सुधार कर नये प्रावधान लाए गए हैं। सहकारिता में कानूनी सुधार के तहत मल्टी स्टेट कोऑपरेटिव एक्ट में आवश्यक संशोधन किए गए। सहकारिता में चुनाव के लिए अलग से केंद्रीय सहकारी चुनाव प्राधिकरण की स्थापना की गई है।

## ગ્લોબલ કોન્ફરન્સની સત્કાર વ્યવસ્થાપર વિશ્વ ફીદા, દિલીપ સંઘાણીને ધન્યવાદ : જેરોન ડગ્લાસ



અમદાવાદ

ભારત મંડપમ્ – ન્યુ દિલ્હી ખાતે દેશના જનપ્રિય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામા આવેલ જેમા ગૃહ–સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો શેરીંગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડૉ.ચંદ્રપાલસિંહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાંથી પધારેલ મહાનુભાવોનું ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા ભારતીય પરંપરા અનુસાર સ્વાગત-સત્કાર અને આતિથ્યથી પ્રભાવિત થયા હતા તદ્ ઉપરાંત સમાપન સમારોહના હેતુપૂર્ણ અને અસરકારક ઉદ્બોધન થી પ્રભાવિત આઈ.સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસ અને આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો તરફથી દિલીપ સંઘાણીને ધન્યવાદ અભિનંદન અને આભાર દેશ વિદેશના રાષ્ટ્રીય સહકારી સંસ્થાના પ્રતિનિધિઓએ હાજરીમાં અભિનંદન પાઠવેલ હતા.

## યુનાઈટેડ નેશન્સ મહાનુભાવોને આમંત્રણ પાઠવ્યું : શ્રી દિલીપભાઈ સંઘાણી અમેરીકા પ્રવાસે

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ -૨૦૨૫ ને આંતરરાષ્ટ્રિય સહકારીતા વર્ષ ઘોષિત દિલ્હી ખાતે તા.૨૫-નવેમ્બર,૨૦૨૪ મા યોજાશે ગ્લોબલ કોન્ફરન્સ, ન્યુયોર્ક આઈ.સી.એ.ની મીટીંગમા ઉપસ્થિતી






## सहकारिता मंत्रालय की गौरवमयी चार वर्षीय यात्रा

## नये सहकारिता मंत्रालय के गठन के बाद के इन चार वर्षों में इस क्षेत्र में अभूतपूर्व प्रगति हुई है : दिलीप संघाणी

सहकारी संस्थाओं का डेटाबेस तैयार करने में केंद्रीय मंत्री श्री शाह के नेतृत्व में मंत्रालय का अथक परिश्रम सराहनीय है।

सहकारिता में 60 से अधिक महत्वपूर्ण पहलें की गई है।



## ભારતીય જન પરિષદના ઉપક્રમે દિલીપ સંઘાણી નાં નેતૃત્વમાં ટેરીફ વિરોધમા સમગ્ર રાજ્યમા સર્વપ્રથમ અમરેલી ખાતે વિરોધ પ્રદર્શન

### અમેરીકન વસ્તુનો બહિષ્કાર મોટી સંખ્યામા લોકો જોડાયા



ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડૉ.ભરતભાઈ કાનાબાર સહિત વિશાળ સંખ્યામા લોકોની ઉપસ્થિતી

- ભારતમા અનાજની તંગીમા નડતા થઈ મોકલવા સામે લાલબહાદુર શાસ્ત્રી ઉપવાસ ઉપર ઉતરેલા
- પોખરણ અણુધડાકા સામે અમેરીકાના આર્થીક પ્રતિબંધોનો સામનો અટલજીએ અડગતાથી કર્યો
- ઓપરેશન સિંદુરની સફળતાથી ભારતના સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતાની અમેરિકાને ઈર્ષા



## સહકાર માત્ર વેપાર નથી, પરંતુ આત્મનિર્ભરતા માટે પ્રેરક શક્તિ છે - દિલીપ સંઘાણી

ગુજરાત મોડલ: PACS થી લઈ વૈશ્વિક બ્રાન્ડિંગ સુધીનું સંપૂર્ણ સહકારી માળખું



### બિહાર માટે આહ્વાન: મખાના, લીચી અને ચોખાને સહકાર દ્વારા આંતર રાષ્ટ્રીય બજાર સાથે જોડો : દિલીપ સંઘાણી



ગુજરાતનું સહકારી મોડલ આત્મનિર્ભર ભારત માટેનો રોડમેપ : દિલીપ સંઘાણી

## दिलीप संघाणी ने भारतीय जन परिषद के माध्यम से अमेरिका द्वारा भारत को दबाने के प्रयास की निंदा की

### आत्मनिर्भर भारत बनाने का यह एक सुनहरा अवसर है: दिलीप संघाणी



## ગુજકોમાસોલની તમામ સભાસદોને ૨૦ ટકા ડિવિડંડ આપવાની જાહેરાત

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

### સહકારી સંસ્થાઓ મારફતે ઓલા ઉબેર જેવી ટેક્સી સર્વિસ ચાલુ કરવામાં આવશે

## অমিত শাহের নেতৃত্বে নতুন দিশায় ভারতের সমবায় আন্দোলন




## સહકારિતા મંત્રાલયની ગૌરવસભર ચાર વર્ષીય યાત્રા : દિલીપ સાંઘાણી

### સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે પેક્સ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મૂકવામાં આવી છે.



# રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ

## ગુજકોમાસોલનાં અધ્યક્ષ દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં ગુજરાતના પ્રથમ સહકારી મોલ 'ગુજકો માર્ટ'નો અમદાવાદ ખાતે શુભારંભ






ગુજરાત રાજયની પહેલી સહકારી સુપર માર્કેટ 'ગુજકો માર્ટ'નો અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર શુભારંભ થયો છે. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન - ગુજકોમાસોલ દ્વારા આ સહકારી સુપરમાર્કેટ - મોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન- નેતૃત્વકાળને ૨૩ વર્ષ પૂર્ણ થવા પર રાજ્યભરમાં વિકાસ સપ્તાહ ઊજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં 'સહકારી સુપર માર્કેટ' રિટેલ ચેઈનના વિકાસની દિશા ખૂલી છે. સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ દ્વારા આ સહકારી સુપર માર્કેટ - ગુજકો માર્ટને જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. ગુજકો માર્ટના લોકાર્પણ પ્રસંગે શ્રી દિલીપ સંઘાણી એ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સંકલ્પ આપ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં મોડેલ બાયાલોજ અમલમાં લાવીને પૈક્સ ને વધુ મજબૂત બનાવવા વિવિધ ક્ષેત્રમાં કામ કરવાની સત્તાઓ આપી છે જે ને અનુસંધાને ગુજકોમાસોલ દ્વારા ગુજકો માર્ટ નો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે. આ માર્ગે આગળ વધીને ગુજકોમાસોલ રાજ્યના ખેડૂતોને મદદરૂપ થઈ શકે તે માટે ગુજકો માર્ટનો પ્રારંભ કરાયો છે. તેમણે વધુમાં કહ્યું કે અલગ અલગ ખેત ઉત્પાદન જે જિલ્લામાં થતું હોય તેનું મૂલ્યવર્ધન (વેલ્યૂ એડિસન) કરીને લોકો સમક્ષ મૂકવા માટે ગુજકોમાસોલ કાર્યરત છે. ગુજકો માર્ટના માધ્યમથી લોકોને ગુણવત્તાવાળી, શુદ્ધ, મૂલ્યવર્ધક અને કિંમતમાં પરવડે તેવી પ્રોડક્ટ આપવાનો પ્રયાસ કર્યો છે. નાનાં- મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર ગુજકો માર્ટ સુપર માર્કેટ ખોલવાનું આગામી આયોજન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી અજય પટેલે કહ્યું કે, ઓર્ગેનિક ફાર્મ પ્રોડક્ટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટના માધ્યમથી ખેડૂતોને મળી ગયું છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ગુજકોમાસોલ ના ઉપાધ્યાક્ષ શ્રી બિપિન પટેલ (ગોતા), ગુજરાત રાજય સહકારી સંઘ ના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીન, ગુજકોમાસોલ ના પૂર્વ ઉપાધ્યાક્ષશ્રી ગોવિંદ ભાઈ પરમાર તથા ગુકોમાસોલના ડિરેક્ટરો સહિતના સહકાર ક્ષેત્રના મહાનુભાવો, ખેડૂતો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી દિલીપ સંઘાણી ની ઉપલબ્ધિઓ



1985-1990, 1990-1991
2007- 2012



1991-2004

1995



2014

2015

2017

2020

2022

2023

2023

2025

2025

Printer / Publisher / owner & Editor : Mahesh N. Patel Printed : Capital Offset 801/1, G.I.D.C., Sector-28 Gandhinagar ,Gujarat-382028 Gandhinagar. Published At :- A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar-382028 (Gujarat)